# શ્રી ચન્દ્ર ધવલ ભૂપ

અને

# ધર્મદત્ત શ્રેષ્ઠિ ચરિત્ર

તથા

# વિવિધ સંગ્રહ

સંગ્રાહક :-

મુનિશ્રી જયવિજયજી મ. સા.

કિંમત અમૂલ્ય.

મુની શ્રી રત્નાકરવિજય

# શ્રી ચન્દ્ર ધવલ ભૂપ

અને

# ધર્મદત્ત શ્રેષ્ઠિ ચરિત્ર

તથા

## ક્રિયાવિધિ સંગ્રહ

સંગ્રાહક :-

મુનિશ્રી જયવિજયજી મ. સા.

કિંમત અમૂલ્ય.

પ્રાપ્તિસ્થાનઃ—

**પંકજકુમાર જે. ગાંધી**
૪, શત્રુંજય સોસાયટી,
જૈન મરચન્ટ પાછળ,
પાલડી અમદાવાદ-૭

સં. ૨૦૩૬ ] [ મહા માસ

આવૃત્તિ ૧ લી નકલ ૫૦૦

મુદ્રકઃ—

**શ્રી સ્યાદ્વાદ મુદ્રણાલય**
શ્રી વલ્લભ વિહાર પાછળ,
પાલિતાણા-૩૬૪૨૭૦ [સૌ.]

# નિવેદન

આ પુસ્તક એ મારા જીવનનું પહેલું સોપાન છે. આ પુસ્તક દ્વારા જીવાત્માને આ જન્મ ( મનુષ્યપણું ) પ્રાપ્ત થયા પછી ધર્મ કાર્ય કરીને જે મોક્ષ પ્રાપ્તિનું ધ્યેય તેને સિદ્ધ કરવાનું છે. તેને માટે આ પુસ્તક ખુબજ ઉપયોગી થઇ પડશે.

ધનથી આ જીવાત્મા ભૌતિક સુખની સામગ્રીની સાથો સાથે મોક્ષ સુખને પણ પ્રાપ્ત કરે છે. તે આ ચંદ્રધવલભૂપ અને ધર્મદત્ત શ્રેષ્ઠિના ચરિત્રમાં દર્શાવવામાં આવ્યું છે.

આ પુસ્તક આબાલ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરૂષ સર્વ જનોને સમાન રીતે બોધદાયક હોવાથી આપ સમક્ષ રજુ કરીએ છીએ.

આ પુસ્તકના કાર્યમાં સન્મિત્ર પરમપૂજ્ય મુનિશ્રી કર્પૂરવિજયજી ધ્યાનીના સમુદાયના પરમ પૂજ્ય પં. શ્રી મનોહરવિજયજીના શિષ્ય મુનિશ્રી રામચન્દ્રવિજય મ. સા.નો અમો હાર્દિક આભાર માનીએ છીએ.

આ પુસ્તકના ઝડપી સ્વચ્છ ને સુંદર રીતે મુદ્રણ કરી આપવા બદલ સ્યાદ્વાદ મુદ્રણાલયને તથા તેના ઉત્સાહી કાર્યકરોને ધન્યવાદ ઘટે છે. તથા પ્રેસ કોપીના શુદ્ધિકરણ વિગેરે કાર્યોમાં સહાયક કનુભાઇ કે. પુરોહિતનો પણ આભાર માનીએ છીએ.

આ પુસ્તકના છાપકામ માટે શ્રી કોઠ શ્વે. મૂ૦ પૂ૦ જૈન સંઘ તથા શ્રી પાલનપુર તપગચ્છ જૈન ઉપાશ્રય પાલનપુર તરફથી મળેલ આર્થિક સહયોગના કારણે ફક્ત કિંમત અમૂલ્ય રાખેલ છે.

# દાનથી મુક્તિ

## ઉપર

# શ્રી ચંદ્રધવલ ભૂપ અને ધર્મદત્ત

# શ્રેષ્ઠિ ચરિત્ર.

શ્રી સરસ્વતી દેવીને સમરીને, મસ્તક વડે ગુરુદેવને વંદન કરીને આ ચમત્કારી અને અમૃત રસ સમાન પ્રિય કથાનો અનુવાદ કરૂં છું.

આરોગ્ય ભાગ્યાભ્યુદય પ્રભુત્વં,
સત્ત્વ શરીરે ચ જને મહત્વં;
તત્ત્વં ચ ચિત્તે સદને ચ સંપત્,
સંપદ્યતે પુણ્યવશેન પુંસાં.

આરોગ્ય, સૌભાગ્ય, ધનાઢ્યતા, નાયકપણું; મનમાં તત્વ ચિંતન, આનંદ કર્યું છે પુણ્ય જેને, તેમને સદા જય અને વાંછિત પ્રાપ્ત થાય છે.

ભરતક્ષેત્રમાં કાશ્મીર નામે દેશની અંદર ચંદ્રપુર નામે નગર હતું. ત્યાં સઘળા ગુણોએ કરી યુક્ત યશોધવલ નામે રાજા હતો તેને પ્રિય, રૂપ અને સૌંદર્યના ઘર સમાન (પંડિતા) ચારિત્ર જેનો મુખ્ય ગુણ છે તેવી યશોમતી નામે રાણીને, ઘણા છે ગુણ જેને એવો ચંદ્રધવલ નામે કુંવર છે. આ કુમાર સર્વશાસ્ત્રમાં નિપુણ છે, વિશેષ કરીને શુકન શાસ્ત્રનો જાણકાર છે. એક વખત સાતમે માળે હવેલીમાં રહેતા આ કુમારને રાત્રિના શિયાળના શબ્દો કાને પડ્યા તે સાંભળી

પોતાના લાભનું કારણ જાણી હાથમાં ખડ્ગ લઇ શબ્દાનુસારે સ્મશાન ભૂમિએ ગયો, ત્યાં અગ્નિકુંડને વિષે મધ્ય ભાગમાં બળતા એવા સુવર્ણ પુરુષને જોયો. હવે નજીકમાંથી પાણી લાવી સુવર્ણ પુરુષ ઉપર છાંટી, બહાર કાઢી, અન્ય સ્થળે દાટી ત્યાં નિશાન કરી પાછો પોતાના મહેલે આવી સૂઇ ગયો. પ્રભાતે પ્રભાત યોગ્ય કાર્ય કરી પિતાને વંદન કરવા-નમવા માટે સભામાં ગયો ત્યાં પ્રતિહારે રાજાને જણાવ્યું કે કોઈ પુરૂષ માથામાં ધુળ ભરેલી છે અને વસ્ત્રો ફાટેલા છે. જેના એવો મારૂં ચોરાઈ ગયું છે. મારૂં ચોરાઈ ગયું છે એમ બુમ પાડતો આવ્યો છે.

રાજાએ વિચાર્યું કે દૂર્બળ, અનાથ, બાળ, વૃદ્ધ તપસ્વી અને અન્યાય પામેલાઓને માટે રાજા એ જ શરણભુત હોય છે. આમ વિચારી રાજાએ તેને બોલાવ્યો. અને તે આવ્યો.

રાજાએ પૂછયું, તું કોનાથી પરાભવ પામ્યો અથવા તારૂ શું ચોરાયું છે?

તેણે કહ્યું, મારો સુવર્ણ પુરુષ ગયો છે. હે રાજન! હું શું કરૂં? તમે પાંચમા લોકપાળ છો. હું ભાગ્યવડે પરાભવ પામ્યો છું. તેથી તમારે શરણે આવ્યો છું.

રાજાએ તેણે દૂર્બળ શરીરવાળો અને મલીન વસ્ત્રવાળો જોઈને કહ્યું કે સત્ય બોલ! આવા આકારવાળા એવા તને સુવર્ણ પુરૂષ ન ઘટે. બીજું જે કાંઈ ગયું હોય તે કહે સભાસદોએ પણ તેમજ કહ્યું.

તેણે ઘણી દલીલ કરી ત્યારે રાજાએ કહ્યું કે સુવર્ણ પુરૂષ તને સાથી પ્રાપ્ત થયો.

તેણે કહ્યું સાંભળો રાજન્!

આજ નગરમાં શ્રીપતિ નામે મોટા ધનાઢ્ય શેઠ હતા, તેમને શ્રીમતિ નામે સ્ત્રી હતી. એક વખત શ્રીમતિ પોતાની સખીના ઘેર ગઈ ત્યાં તેણીના ખોળામાં અને આજુબાજુમાં આનંદ કરતાં પુત્રોને જોયા અને પોતે અપુત્રપણાના દુઃખે દુઃખી થઈ. ભોજન અવસરે શેઠે પૂછ્યું, ત્યારે તેણીએ અપુત્રપણાનું દુઃખ જણાવ્યું.

શેઠે કહ્યું, તમો ખેદ ન પામો. હું તેનો ઉપાય કરીશ, પછી મંત્ર તંત્ર, દેવ-દેવી વિ. મિથ્યાત્વભાવમાં એ ગ્યાયો ત્યારે ધર્મધન નામના મિત્રે કહ્યુ, મિત્ર ! મિથ્યાત્વ ન કર. મિથ્યાત્વ વડે કરી કદાચ પુત્ર થાય તો તે પણ સારૂં નથી. જેમ દેવ-શર્મા નામના અપુત્રીય બ્રાહ્મણે જેમ પાદરમાં રહેલા દેવને કહ્યું કે જો મને પુત્ર થશે તો તમારૂં આ દેવ મંદિર, તળાવ, બગીચા વિ. (રમ્ય) નવીન બનાવી દઈશ અને સાલગિરિમાં એક બોકડો હણીને ચડાવીશ કાગતાળી ન્યાયે પુત્ર થયો, મહોત્સવ કર્યો અને દેવદત્ત એવું તે પુત્રનું નામ રાખ્યું. દેવીનું ભવન કરાવ્યું. તળાવ બગીચો વિ. કરાવ્યા તથા બોકડાનું બલી આપ્યું.

આ પ્રમાણે દર વર્ષે કરવા લાગ્યો. પુત્ર યુવાન બન્યો અને તેના પિતા આર્તધ્યાનથી મરીને તે જ નગરમાં બોકડો થયો, તેને તેના પુત્રે સાલગિરિમાં હણવા માટે દ્રવ્યથી ખરીદી લીધો અને ઘરે લાવ્યાં. ઘરનું દ્રશ્ય જોતાં બોકડાને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને બધો જ ખ્યાલ આવી ગયો અને ડરવા લાગ્યો.

અવસરે દેવી પાસે વધ માટે લઈ જતા ચાલતો નથી. બળપૂર્વક લઈ જતાં સાધુએ જોયું. જ્ઞાનવંત સાધુએ તેની પાસે જઈને કહ્યું : અરે તે પોતે જ વૃક્ષ વાવ્યું છે અને

તે પ્રમાણે તારા છોકરા કરે છે. હવે તું શા માટે હે બોકડા ! ભય પામે છે. આમ બોલતા જ તે સાહસ લાવી ચાલવા લાગ્યો. લોકોમાં ચમત્કાર થયો. દેવીદત્તે સાધુ પાસે બોકડે સહેલાઈથી ચલાવવાનો મંત્ર માંગ્યો.

ત્યારે સાધુ બોલ્યા : હે ભદ્ર ! આ તારો પિતા જ છે. મિથ્યાત્વ વડે કરીને મર્યો અને બોકડો થયો. હવે જો તને સંદેહ હોય તો તું એને ઘેર લઈ જા અને છુટો મુકી દેજે. તે પોતાના પગ વડે ખોદતાં દ્રવ્ય બતાવશે તે તું જો અને સત્ય માન.

તે પુત્રે તે પ્રમાણે કર્યું અને તે જ સાધુ પાસે શ્રાવકપણું સ્વીકાર્યું. આમ કહી ધર્મધને કહ્યું હે મિત્ર ! મિથ્યાત્વ વડે કરીને ભવ સમુદ્રમાં ડુબો નહિં.

શ્રીપતિ શેઠ આ સાંભળી ખુશ થયા અને ઉપાય પૂછયો.

ધર્મધને કહ્યું. વિતરાગ જેવા કોઇ દેવ નથી, જૈન ધર્મ જેવો કોઇ ધર્મ નથી, કલ્પવૃક્ષ જેવું કોઇ વૃક્ષ નથી, અને કામધેનુ જેવી કોઈ ગાય નથી, હે મિત્ર ! અલ્પ પુણ્યવાન આ પ્રાપ્ત કરી શકતા નથી જેનો પ્રગટ પ્રભાવ છે એવો જૈન ધર્મ, સાધુની સંગતિ, વિદ્વાનોની સાથે ગોષ્ઠિ, વાકય મધુરતા, સર્વકળાની કૌશલ્યતા, ન્યાયવાન લક્ષ્મી, સદ્ગુરુઓના ચરણની સેવા, શુદ્ધશીલ અને નિર્મળમતિ આ વસ્તુઓ અલ્પપુણ્યવાનને પ્રાપ્ત થતી નથી. તો હે મિત્ર ! તમે જૈન ધર્મની આરાધના કરો.

તેનાં વચનથી ત્રીકાળપૂજા, ઉભયકાળ પ્રતિક્રમણ, પ્રતિવેળાએ સામાયિક, પરમેષ્ઠિ સ્મરણ, પોતાના દ્રવ્યથી જીનભવન, જીનબિંબની પ્રતિષ્ઠા અને તિર્થોની યાત્રા આ પ્રમાણે

સાતે ક્ષેત્રમાં સારૂં દ્રવ્ય વાપરી બન્ને જણાએ સફળધર્મ આરાધતા છ મહિના થઈ ગયા એક વખત પાછલી રાત્રે શ્રીપતિ શેઠ જાગતા વિચારવા લાગ્યાં. અરે! આવી રીતે જૈન ધર્મ કરવા છતાં મને ફળ સિદ્ધિ કંઈ દેખાતી નથી. શું આ ધર્મ નિષ્ફળ છે? જેટલી વારમાં આવું ચિંતવે છે તેટલામાં શાસનદેવતાએ કહ્યું. હા મુઢ! જીતીને હારવા શા માટે જાય છે, શંકા ન કર, જેમકે આરંભમાં દયા ટકતી નથી, સ્ત્રી સંગે બ્રહ્મચર્ય રહેતું નથી, શંકામાં સમકિત રહેતું નથી, અને ધન ગ્રહણ કરવા વડે કરીને પ્રવજ્યા રહેતી નથી તો પણ તને પુત્ર થશે. પરંતુ આ શંકાના કારણે તું પુત્રનું સુખ મેળવી શકીશ નહિ.

આમ સાંભળવા છતાં પણ શેઠ ખુશ થયા અને પ્રભાતે શ્રીમતિએ પુર્ણ કળશ વાળું સ્વપ્ન દર્શન થયું તેવી વાત શેઠ આગળ કરી શેઠે કહ્યું. પુત્ર પ્રાપ્તિ થશે, કોઈ ઉત્તમ જીવ સ્વર્ગથી ચ્યવીને ઉતર્યો અને પુર્ણ માસ સમયે શ્રીમતિએ પુત્રને જન્મ આપ્યો. શેઠે મહોત્સવ કર્યો અને તે પુત્રનું ધર્મદત્ત એવું નામ પાડયું. વધતો બાળક સર્વકળામાં નિપુણ થયો અને વિશેષથી સાધુ પાસેથી પણ ધર્મકળાને જાણી. ખરેખર બહોંતેર કળામાં કુશળ એવા પંડિત પુરુષો પણ અપંડિત જ કહેવાય કે જેણે સર્વ કળામાં શ્રેષ્ઠ એવી ધર્મકળાને જાણી નથી.

યૌવનવયે તે પુત્ર શ્રીદેવી નામની કન્યાને પરણ્યો. પરંતુ શાસ્ત્ર રસીક હોવાથી હાથમાંથી ક્યારેય પણ પુસ્તક છોડતો ન હતો. તેથી તેની માતા શ્રીપતિ શેઠને કહેવા લાગી. કે આ પુત્ર સર્વશાસ્ત્રનો જાણકાર છે છતાં મૂર્ખ દેખાય છે. કહે છે કે કાવ્ય કરો અગર સંસ્કૃતમાં વાતચીત કરો અને

બધી કળાને વાંચી જાણી શકે તો પણ જે યથાસ્થિત લોક પરિસ્થિતિને ન જાણે તે મૂર્ખમાં શિરોમણી સમજવા. તેથી કરી આ પુત્રને જુગારીઆઓને સોંપવો જોઇએ કે જેથી થોડા દિવસમાં નિપુણ બની શકે.

શેઠે કહ્યું કે અરે!, આ દુર્બુદ્ધિ કેમ સુજી કોઈ દિવસ કાગડામાં શુદ્ધિપણું, જુગારમાં સત્ય, સર્પમાં શાંતી, સ્ત્રીઓને વિષે કામની ઉપશાન્તી, નપુશકમાં ધૈર્યપણું, દારૂડિયામાં તત્ત્વ ચિંતન અને રાજા મિત્ર આટલું કોણે જોયું અને જાણ્યું. જ્યારે શેઠે કુસંગતથી નિવારવા ઘણું સમજાવવા છતાં શેઠાણી વિરામ પામી નહિં. આખરે શેઠે જુગારીઆઓને બોલાવીને વ્યવહાર નિપુણ બનાવવા ધર્મદત્તને સોંપ્યો. તેઓ પણ ખુશી થયા ધર્મદત્તને લઇ જુગારીઆ પાસાની રમત, વનભ્રમણ જળક્રિડા કરાવવા લાગ્યા. એક દિવસ કામ-પતાકા નામની વેશ્યાને ત્યાં લઇ ગયા અને તેણીને કહ્યું કે આ સાક્ષાત જંગમ નિધિ તારે ત્યાં સામે ચાલી આવેલ છે તેણીએ પણ સ્વાગત કર્યું. શેઠાણી પણ તેવું જાણી હંમેશ દ્રવ્ય મોકલવા લાગી. આમ ઘણાં દિવસ ચાલ્યા બાદ પુત્રને બોલાવવા માણસો મોકલ્યા. પરંતુ તે આવ્યો નહિં ત્યારે બન્ને જણ દુઃખી થયા. શેઠે શાસન દેવતાનું વચન યાદ કર્યું. આમ દુઃખમાં ને દુઃખમાં ઝુરતા બન્ને મરણ પામ્યા. ધર્મદત્ત તો પણ ન આવ્યો હવે ધર્મદત્તની પત્નિએ વેશ્યા દાસીને પૈસાની ના કહી તેથી વેશ્યાએ ધર્મદત્તને કાઢી મુકયો. આ પ્રમાણે કાઢી મુકાયેલ ધર્મદત્ત વિચારતો વિચારતો પોતાને ઘરે આવતાં ઘરની વિષમ દશા જોઈને માતાપિતાની ગેરહાજરી જોઇ દુઃખી બન્યો. ઘરમાં પેસતા જ પોતાની પત્નિને રેંટિયો કાંતતી જોઈ.

શ્રીદેવીએ પણ અનુમાનથી પોતાના પતિને ઓળખી સ્વાગત કર્યું એને વસ્તુ બધું સ્વરૂપ જણાવ્યું ત્યારે ધર્મદત્ત ખેદ કરવા લાગ્યો. પત્નિએ કહ્યું, ખેદ કરવાથી સર્યું. હે પ્રાણેશ! હજુ પણ તમે જો સાવધાન છો તો બધું સારૂં જ છે. તેણે કહ્યું, દ્રવ્ય વિના ભવ્યતા કેવી રીતે. તું જાણતી નથી કે જાતિ–વિદ્યા–રૂપ એ ત્રણે ખાડામાં પડો જો માત્ર પૈસાથી જ બધું છે. પહેલા તમે સ્નાન–ભોજન વિ. કરો પછી ઉપાય કરીશ. પેલાએ મનમાં ધાર્યું કે હજુ નિધિ હોવો જોઈએ.

સ્નાન કરી ભોજન કર્યું અને ધનનો ઉપાય બતાવવા સ્ત્રીને કહ્યું, ત્યારે તેણીએ પોતાના લાખ પ્રમાણ આભૂષણમાંથી ૫૦ હજારની કિંમતના આભૂષણ આપી કહ્યું. આનાથી વેપાર કરી પરંતુ પૂર્વે પોતે કોટી ધ્વજનો પુત્ર હોવાથી આટલા માત્રથી લજ્જા પામવા લાગ્યો. હું આનાથી લજ્જા પામું છું. છેવટે દરિયાઈ મુસાફરીનો વિચાર કર્યો. ઈક્ષુક્ષેત્ર દરિયાઈ મુસાફરી અને રાજાની મહેરબાની આ ત્રણે થોડી જ વારમાં દરિદ્રતાને ટાળે છે.

સ્ત્રીએ કહ્યું, સ્વામી! હાલમાં દરિયાઈ મુસાફરી બરાબર નથી. કેમકે પુણ્યથી જ બધા જ વાંછિત અર્થ થાય છે પરંતુ પુરૂષાર્થથી નહી, કેમકે સૂર્ય આકાશમાં આટલા બધા કાળથી ભમે છે છતાં આકૃમો સમુદ્ર લભ્યો જ નથી ત્યારે ધર્મદત્ત કહે છે લોકોને વિષે ઉદ્યમ, સાહસ ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ જેની પાસે હોય તેનાથી દૈવ પણ શંકા પામે છે. માટે હું તો દરિયાઈ મુસાફરી જ કરીશ.

આમ કહી સ્વજનને મળી સારી સંગાથ બનાવી વહાણ તૈયાર કરી સમુદ્રમાં ચાલ્યો. કર્કોટક નામના દ્વીપ

તરફ વહાણ ચાલે છે. ત્યાં પ્રતિકૂળ વાયુ શરૂ થયો અને ઘડીભરમાં તો ઊંચેથી નીચે વહાણ અથડાવા લાગ્યું અને આખરી વેરણ છેરણ થઈ ડુબી ગયું.

માત્ર એક પાટીયું ધર્મદત્તના હાથમાં આવ્યું અને પત્નિની શીખામણ યાદ કરવા લાગ્યો.

સમુદ્રના મોજાંથી ફેંકાતો થોડાક દિવસો બાદ કોઈ એક દ્વીપના કાંઠે આવ્યો ત્યાં સુંદર જળથી ભરપૂર મીઠા પાણીનું તળાવ જોયું અને આકંઠ પીધું અને વિવિધ ચિંતા કરતો ત્યાંજ સુઈ ગયો.

થોડીવારમાં કોઈ તેને ઉપાડીને જતું તેણે જાણ્યું અને આંખ ઉઘાડીને જોતાં મોટો ભયંકર રાક્ષસ જોઈને ભયભીત થઈ આંખ મીંચી વિચારવા લાગ્યો.

દોરડાના બંધન છોડી અને કુટરચનાને તોડીને અગ્નિની વાડની શીખા કુદી દૂર વનમાં જતાં તેવા હરણને શત્રુ (શિકારી) તરફથી લક્ષપૂર્વક છોડેલા બાણને પણ અત્યંત વેગપૂર્વક દોડીને ચુકાવી આગળ જતાં વાડવગરના કુવામાં પડેલા એવા મૃગને પુરૂષાર્થ ભાગ્ય વગર શું કરે.

હે કર્મ હું સમુદ્રમાંથી તો નીકળ્યો તો રાક્ષસે પકડયો, ભલે જે થવું હોય તે થાઓ એમ વિચારે છે. ત્યાં રાક્ષસ તેને એક સ્થાને મુકી ચાલ્યો ગયો. થોડીવારે મહામંત્રનું સ્મરણ કરતાં આંખ ખોલી સામે જુવે છે તો વૃક્ષની છાયામાં એક દિવ્ય રૂપધારી કન્યાને જુવે છે. તે વિચારવા લાગ્યો કે શું રાક્ષસ પોતેજ કન્યાનું રૂપ કરી આવ્યો છે કે આ કોઈ નાગકન્યા છે કે કોઈ વિદ્યાધરી છે એમ વિચાર કરી સાહસ કરી બોલ્યો. હે બાળા તું કોણ છે તેણીએ કહ્યું તમો કોણ

છો. આને કહ્યું હું માનવ છું. તેણીએ કહ્યું હું પણ માનવી છું. તો પછી આવા વિષમ સ્થાનમાં તું એકલી કેમ ? તેણીએ કહ્યું ભાગ્યની ગતી વિષમ છે. તેણે કહ્યું તે કેવી રીતે ? તેણી પોતાનું વૃતાંત કરે છે.

સિહલદ્વિપને વિષે કમલપુર નામે નગર ત્યાં ધનસાગર નામે શેઠને ધનશ્રી નામે સ્ત્રી, તેની ધનવતી નામની પુત્રી છું. તેણી યૌવનવય પામતા પિતાને ચિંતા થઈ. મારી પુત્રીને કોણ ભાગ્યશાળી એવો પુરૂષ પ્રાપ્ત થશે. એમ વિચારી શેઠીયાઓના પુત્રોને જોયા. પરંતુ તેણીને યોગ્ય એવો કોઈ યુવાન તેના પિતાને ન લાગ્યો. એક વખત કોઈ જયોતિષી ચંદ્રપુર નગરથી મારા પિતા પાસે આવ્યો તેને મારી જન્મ પત્રિકા બતાવી તેણે કહ્યું ચંદ્રપુર નગરના શ્રીપતી શેઠનો પુત્ર ધર્મદત્ત છે જેનું નામ. તેની સરખી આ જન્મ પત્રિકા છે. આ ધર્મદત્ત ૧૬ કરોડ સોનૈયાનો માલીક છે. તેની સાથેજ આ પુત્રીનું લગ્ન થશે. ત્યારે શેઠે કહ્યું લગ્ન જુઓ. ચૈત્ર શુદી ૫ ને દિવસે ૧।। પ્રહર સમયે સર્વ શુદ્ધ લગ્ન છે.

ટુંકો સમય હોવાથી પિતા પુત્રીના લગ્ન કરવા વહાણ તૈયાર કરી સમુદ્ર માર્ગે ચાલ્યા. ભાગ્ય પ્રેરીત પ્રતીકુળ પવન વડે કરી વહાણ ભાગ્યું. ધનવતી પાટીયાનાં આધારે તરતી સાત દિવસના અંતે આ વનના મધ્ય ભાગને વિષે આવી. મીઠું પાણી પીને સૂતી અને રાક્ષસે ઉપાડી અહીં લાવીને મુકી ભયથી કંપતી એવી મને જોઈ રાક્ષસે કહ્યું ભલે મને ભુખ હશે તો પણ જ્યાં સુધી મને બીજું ભક્ષ નહિં મળે ત્યાં સુધી તને નહીં ખાઉં.

એમ કહી તે ચાલ્યો ગયો અને હે સતપુરૂષ તમને

લઇને આવ્યો. તમને જોઇને હું વિચારૂં છું કે હે વિધિ, શા માટે અભાગી એવી મને તે જન્મ આપ્યો. પહેલા પિતાનો વિયોગ ત્યારબાદ તમારા જેવા પુરૂષ રત્નનો વિનાશનું જે દુઃખ એ જોવા માટે જ હું જીવી. હે સત્પુરૂષ તમે કોણ છો. હસીને ધર્મદત્તે જવાબ આપ્યો હે શુભ્રે ! મારૂં સ્થાન જન્મ વિ. તો તેજ કહ્યું.

એટલી વારમાં તેણીનો ડાબો હાથ ફરકયો અને પ્રિતી પ્રગટ થઇ આ તેજ ધર્મદત્ત છે એમ નિશ્ચિય કરીને લજ્જા પામી. ધર્મદત્તે કહ્યું ભાગ્યે આપણો અહિં મેળાપ કર્યો છે. તો વિચારીને કહે કે તે લગ્નનો દિવસ કયો છે. તેણીએ વિચાર કરી કહ્યું આજનો દિવસ અને આજ સમય. ત્યારે વન સામગ્રીથી બન્ને પરણી ગયા.

તેણીએ કહ્યું હે સ્વામી તો પણ રાક્ષસનો ભય છે જ તેણે કહ્યું કયાં છે. ત્યારે પેલી બોલી આ તળાવે દરરોજ રાક્ષસ ન્હાવા આવે છે. ત્યારે તલવાર બાજુમાં મુકી ઇષ્ટ દેવનું સ્મરણ કરે છે, તો પછી ત્યારે જ હું તેમને હણીશ. એમ ધર્મદત્ત બોલી ઝાડની પાછળ સંતાઇ ગયો. રાક્ષસ પૂજામાં (સ્મરણમાં) બેઠો અને ધર્મદત્તે તેની તલવાર ઉઠાવી તેણે રાક્ષસને પડકાર કર્યો જેટલી વારમાં કાપથી લાલચોળ બની, ઉઠે તેટલી વારમાં તેને હણી નાખ્યો.

ધનવતીએ ધર્મદત્તના હાથની પુષ્પથી પૂજા કરી ત્યારથી તે બન્ને જણા નિઃશંક પણે ફળાહારે રહેવા લાગ્યા. કેટલાક દિવસ બાદ ધનવતીએ કહ્યું હે પ્રાણેશ ! ધર્મ વિનાના આપણાં દિવસો ફોગટ જાય છે તેથી આપણે જ્યાં જિનાલય, જૈનધર્મ, સંઘ વિ. હોય ત્યાં જઇએ તો સારૂં

એમ કહી તે સ્થાનથી આગળ ચાલતા ચાલતા ચંદ્રપુરી નગરીની નજીક આવ્યા સંધ્યા સમયે ધર્મભાવનાવાળા એવા તે બન્ને બહાર વનમાં રાત્રી રહ્યા. ધર્મદત્ત પાછલી રાત્રીએ સૂર્યોદય પૂર્વે જાગ્યો અને આનંદથી ક્રિયાને કરી પ્રિયાને જગાડે છે પરંતુ ધનવતી હુંકાર કરતી નથી વળી થોડીવારે જગાડે છે ત્યારે સન્મુખ દેખાતી નથી.

અરે ! આ શું ? કયાં ગઈ ? ફરીથી થોડીવાર રાહ જોઇ હે પ્યારી આવ આવ એમ કહે છે. પરંતુ કોઇ દેખાતું નથી ઉઠીને ચોતરફ જુવે છે. પરંતુ કયાંય પગલાં પણ દેખાતાં નથી અનેકાનેક ચિંતા વધવા લાગી. વનમાં ચોતરફ ભમીને થાકયો અને મગજનો કાબુ ગુમાવ્યો, આમ ઝાડ, પક્ષી વિ. સંબોધીને પોતાની પ્રીયાના સમાચાર પૂછે છે અને આખરી જોરથી રડે છે અને હવે હું ઘરે જઉં તેમ વિચારી ચંદ્રપુરી દરવાજા નજીક આવતાં વિચારવા લાગ્યો.

હે મુઢ ધર્મદત્ત ! તું કયાં જાય છે આગળ પણ મુશીબતમાં પત્નિ પાસેથી લીધેલ ૫૦ હજાર ગુમાવ્યા હવે હું મોઢું કેમ કરી બતાવું. વળી ધનવાન સ્વજનો પણ હાંસી કરશે. તેના કરતાં મારે વન જ સારૂં છે કે જેમાં વાંદરાના નખથી તુટેલા અને વૃક્ષથી પડેલા એવાં ફળોનું ભોજન સારૂં છે પણ ધનના મદથી ગર્વિષ્ઠ બનેલી એવી જે સ્વજનોની દૃષ્ટિ કરતાં સારૂં છે. એમ વિચારી પાછો વનમાં આવ્યો. ત્યાં કેટલાક દિવસ ફરતાં એક યોગી તેને મળ્યો અને બોલ્યો હે ભાણુ ! તું ખૂબ ચિંતાવાળો જણાય છે.

ધર્મદત્તે કહ્યું નિર્ધનોને વળી ચિંતા રહિતપણું કેવું. ત્યારે યોગી કહે અરે હું પોતે દારિદ્રરૂપ જે કંદ એને વિષે

કુહાડી સમાન બિરૂદ ધારણ કરૂં છું. તારૂં દારિદ્ર હું મુળથી બાળી નાખીશ.

ત્યારે ધર્મદત્તે કહ્યું તે કેવી રીતે? સુવર્ણ પુરુષની સાધનાથી. ધર્મદત્ત મનમાં સમજ્યો. આ યોગી મને પોતાને જ સુવર્ણ પુરુષ કરશે. એમ વિચારી કહ્યું, હે યોગીન્દ્ર! શું જીવના વધ વડે સુવર્ણ પુરુષની સાધના કરશો કે બીજી કોઈ રીતે. યોગી ચતુરાઇથી બોલ્યો. અરે ભાગ્યવાન્! તે અણુકારપણું પાતાળમાં જાઓ ને ચતુરાઇ નાશ પામો. જ્યાં જીવદયા નથી. પછી યોગી વાજીંત્ર વગાડવા લાગ્યો.

આમ કરી ગાતાં ગાતાં જીવદયા બતાવતો ધર્મદત્તને ખુશ કર્યો. ધર્મદત્તે કહ્યું કે તમો કેવી રીતે સુવર્ણ પુરુષ કરશો. તેણે કહ્યું, લાકડાનું રાતા ચંદન મથી પુરુષ પ્રમાણ પુતળું કરીને મંત્રના પ્રભાવે સરસવના દાણા છાંટી અગ્નિકુંડમાં નાંખીશ. પછી ઉષ્ણ અને શીતળ જળ છાંટવાથી સુવર્ણ પુરુષ ઉત્પન્ન થશે.

પેલાએ કહ્યું, બહુ સારૂં. યોગી કહે છે. મારે કંઇ સોનાની જરૂર નથી. હું તો તમારા માટેજ કરૂં છું. સાપાદલક્ષ પર્વતના મધ્યમાંથી શીત અને ઉષ્ણ પાણી લાવીએ.

બન્ને જણ ગયા, પાણી લાવ્યા અને રક્ત ચંદનનું પુતળું યોગીએ પોતે જ બનાવ્યું.

આ પ્રમાણે દરેક સામગ્રી મેળવી. કાળી ચૌદશની રાત્રીએ બંન્ને જણા શ્મશાનમાં ગયા અને યોગીએ અગ્નિકુંડ સળગાવ્યો અને રક્ષાના બહાના નીચે એક તલવાર પોતાની પાસે યોગીએ મૂકી અને ધર્મદત્તે પણ રાક્ષસવાળી તલવાર ધારણ કરી.

ધર્મદત્ત ને યોગીએ પોતાના અને કુંડથી વિમુખ ઉભો રાખી પાછળ નહિં જોવાનું કહ્યું. બંને વચ્ચે રક્તચંદનનું પુતળું સ્થાપિત કર્યું. મંત્ર જાપ કરતા ધર્મદત્તની ઉપર સરસવનાં દાણાં છાટવાં લાગ્યો. ધર્મદત્તે વિચાર્યું, આ તો મારા ઉપર જ ક્રિયા કરે છે. તેથી વિશ્વાસ કરવા યોગ્ય નથી અને તરત જ, "આત્મરક્ષા" મંત્ર ભણવા લાગ્યો અને તલવારથી સજ્જ બન્યો. જેટલીવારમાં એકસોને આઠ જાપ પૂર્ણ થયા અને વક્ર દૃષ્ટિ વડે કરીને ધર્મદત્તે યોગીને તલવાર ઉઠાવતો જોયો. તરત જ આ બાજુ ફરીને ધર્મદત્તે યોગીને હણ્યો. અને અગ્નિકુંડમાં નાંખ્યો અને સુવર્ણ પુરૂષ થયો. જ્વાજલ્યમાન સુવર્ણ પુરૂષ ઉપર શીત અને ઉષ્ણ જળ છાંટયું અને બીજું નદીમાંથી પાણી લેવા ગયો. બહુવારે પાછા ફરતાં સુવર્ણ પુરૂષ ન જોતાં મૂર્છિત બન્યો. પવન વડે ચેતના મેળવી. મેં પાપ કર્યું અને ફળ ગયું. ચાંડાળની શેરીમાં ગયો છતાં ભિક્ષા ન લીધી. મેં ત્યારે વિચારી અને આજે આપની સમક્ષ આવ્યો છું તે જ હું ધર્મદત્ત છું.

રાજા અવાક થયો. તો હે ભદ્ર! તું લાખ કરોડ પ્રમાણમાં સોનામહોર લે. ધર્મદત્તે કહ્યું નહિ. આપના ધનથી સર્યું, મને તો ત્યારે જ શાંતિ થાય કે જ્યારે મારો સુવર્ણ પુરૂષ મને મળે. રાજાએ વિચાર કર્યો, મારે મારા આશ્રિતનું કાર્ય કરવું જોઇએ.

એમ વિચારી હાથમાં પાનનું બીડું લઇ કહ્યું, આ સભામાં કોઈ એવો મનુષ્ય છે જે આનો સુવર્ણ પુરૂષ લાવી આપે. કોઇ ઉભું ન થયું ત્યારે ચંદ્રધવલકુમારે બીડું ઝડપ્યું.

સૌ કોઈ ચમત્કાર પામ્યાં. કુમાર અને ધર્મદત્ત બન્ને જણ રાત્રીના ભાગમાં સ્મશાનમાં ગયા. ધર્મદત્ત સૂઈ ગયો.

ત્યાં કુમારે દિવ્ય વાજીંત્રનો અવાજ સાંભળ્યો. કૌતુક માટે ધર્મદત્તને મૂકીને નિશાની કરતો કરતો સ્વર અનુસારે યક્ષ ભવન તરફ ગયો.

ત્યાં બારણાં બંધ હતા પરંતુ છીદ્રમાંથી એકસો આઠ દેવકન્યાને નૃત્ય કરતી જોઇ. તેઓની મધ્યમાં એક અધીક રૂપવાન મનુષ્ય લક્ષણવાળી સ્ત્રી જોઇને વિસ્મય પામ્યો અને ધર્મદત્ત પાસે આવ્યો અને પૂછ્યું તે કંઇ સાંભળ્યું ? શિયાળ વિ. ના અવાજ સાંભળ્યા છે. હસીને કુમારે નાટકનું સ્વરૂપ કહ્યું. ધર્મદત્ત બોલ્યો જરૂર તે મારી પ્રિયા જ હોવી જોઇએ. ચાલો જલ્દી જઇએ. પણ ત્યાં જતાં કંઈ જોયું નહિ.

હાથ ઘસતો ધર્મદત્ત ફરી ફરી કુમારને તેણીના સંબંધી પુછપરછ કરે છે. હે મિત્ર હવે મારે સુવર્ણ પુરૂષથી સર્યું. તમો અને મારી પ્રિયા મેળવી આપો. સવારે ધર્મદત્તને કહી કુમાર યક્ષની આગળ આસની પથારીમાં બેઠો. ત્રીજા ઉપવાસે રાત્રીમાં સિંહ, સર્પ વિ. ક્ષોભ પમાડવા લાગ્યાં. પરંતુ કુમાર નિશ્ચલ રહ્યો. યક્ષ પ્રત્યક્ષ થયો. શું જોઇએ છે, ધર્મદત્તની પ્રિયા આપો. અરે એ તો મારી પ્રિયાને વશ છે. તે મારાથી બની શકે તેમ નથી.

કુમારે વિચાર્યું, સ્ત્રી વશ બનેલા દેવોની દશા પણ શોચનીય હોય છે. હવે યક્ષીણીને ઉદ્દેશી છ ઉપવાસ થયા. આસન કંપીત બન્યું અને પ્રત્યક્ષ થઇ. હે પુત્ર આવું સાહસ શા માટે કરે છે. કુમારે કહ્યું, ધર્મદત્તની પત્નીને આપો. પરાણે અર્પણ કરી. કુમારે ધર્મદત્તને બોલાવી કહ્યું આ તારી પ્રિયા છે કે બીજી તે પણ દિવ્ય આભરણ અને વસ્ત્રથી સુશોભિત પ્રિયાને જોઇ ખુશ થયો.

કુમારે કહ્યું, ચાલો હવે સુવર્ણ પુરૂષ પણ તમને આપું અને સ્થાન ઉપર જઈ સુવર્ણ પુરૂષ બતાવ્યો. હવે ધર્મદત્ત કુમારને કહે છે. હે મિત્ર હું જે કરૂં તે તમારે માન્ય કરવું પડશે. કુમારે કહ્યું, શું ? આ સુવર્ણ પુરૂષ તમે લઇ જાઓ. કુમારે કહ્યું કેમ ? વણિકના ઘરમાં આ વસ્તુ શોભે નહિ. તો પછી તમને રૂચે તેટલું આ પુરૂષને છેદીને તમો લઈ લો. હાથ–પગ લઈ લીધા. બાકીનું કુમારને સોંપ્યું.

તેણે વિધિ કરી ખજાનામાં મૂક્યું અને સંપૂર્ણ સુવર્ણ પુરૂષ બની ગયો. હાથ–પગના સોના પ્રમાણથી ધર્મદત્ત (૧૬) સોળ કરોડનો સ્વામી બન્યો. ગામ બહાર જઇ મોટો સાર્થ બનાવી મહોત્સવપૂર્વક સ્વજનોની સાથે ગૃહપ્રવેશ કર્યો. બધા તેની સેવા કરવા લાગ્યા.

હવે યશોધવલ રાજાએ ચંદ્રધવલને રાજ્ય આપી. દિક્ષા લઇ શિવસુખ પ્રાપ્ત કર્યું. ચંદ્રધવલે પણ રાજ્ય પ્રાપ્ત થયાં પછી સુવર્ણ પુરૂષ પ્રગટ કરીને વિશ્વનું દારિદ્ર દૂર કરી સંવત્સર પ્રવર્ત્તાવ્યો.

એક વખત ધર્મદત્ત સ્મૃતિમાં આવ્યો. પ્રભાતે મંત્રીઓને મોકલી બહુમાનપૂર્વક બોલાવ્યો.

તે સભામાં આવ્યો, રાજાએ બહુમાન આપ્યું. હે મિત્ર ! તમારા આપેલ સુવર્ણ પુરૂષ વડે કરીને મને સર્વત્ર યશ પ્રાપ્ત થયો છે. તેથી દરેક વેપારીઓને મધ્યે ધર્મદત્તને નગરશેઠની પદવી આપી. હમેશાં બન્ને મળવા લાગ્યા. રાજાએ પૂછ્યું, તમારી પાસે કેટલું ધન છે. અરે મારે એમાં મોટું કૌતુક થાય છે તે વખતે સુવર્ણ પુરૂષનાં હાથ પગથી સોળ કરોડ સોનૈયા થયાં અને ત્યારબાદ અત્યાર સુધીમાં

જળ વ્યવસાય કરતાં સોળ કરોડ જ દેખાય છે તેથી હું વ્યય પણ કરી શકતો નથી કારણ જ્ઞાની જાણે.

એટલીવારમાં વનપાળે વધામણી આપી કે ધનસાગરસૂરી જ્ઞાની ભગવંત પધાર્યા છે. રાજા ધર્મદત્ત વિ. પરીવાર સાથે ગુરૂને વંદનાર્થે ગયા.

વિધિપૂર્વક વંદન કરી બેઠા, ધર્મોપદેશ આપ્યો. રાજાએ પૂછયું હે પ્રભુ! ધર્મદત્તો ઉદ્યમ કર્યો અને સુવર્ણ પુરૂષ મારે ઘેર આવ્યો અને ધર્મદત્તને સોળ કરોડ જ તો આમાં હેતુ શું હશે?

ત્યાં ગુરૂમહારાજ કહેવા તૈયારી કરે છે એટલીવારમાં એક વાનરી ઉપરથી ઉતરી. ગુરૂની આસપાસ નૃત્ય કરવા લાગી. રાજાએ કહ્યું સોળ કરોડની વાત પછી પણ આ વાનરી કેમ નાચે છે.

ગુરુએ કહ્યું, મોહની ગતિ અને ભવિતવ્યતા ઘણી જ વિષમ છે. આ ધર્મદત્ત મારો જમાઈ છે અને આ વાનરી ધર્મદત્તની સાસુ છે. [ધનવતીની માતા છે.] ધનશ્રી નામ છે.

આ સાંભળી ધનવંતી આંખમાંથી આંસુ લાવી વંદના કરી આ શું સ્વરૂપ છે તેમ પુછવા લાગી. ગુરુએ કહ્યું, જ્યારે વહાણ ભાંગ્યું ત્યારે તું એક પાટીયા સાથે લાગી ગઈ તેના આધારે તું કિનારે પહોંચી અને હું ખેંચાતો ખેંચાતો નવમે દિવસે એક નગરમાં જઈ ચડયો. ત્યાં એક બ્રાહ્મણ સામે મળ્યો. અને બોલ્યો હે ધનસાગર આવ આવ.

આમ કરી વિસ્મય સાથે મને તેમના ઘેર લઈ ગયો. બ્રાહ્મણે ઘેર લઈ જઈ મારી ખૂબ જ ભક્તિ કરી. મેં પૂછયું

શા માટે તમે મારી આટલી બધી ભક્તિ કરો છો ? હું તમને ઓળખતો નથી.

બ્રાહ્મણે કહ્યું. આ શંખપુર નગર છે. મને જીનશર્મ નામે જૈન બ્રાહ્મણ જાણવો. અપુત્રીય એવા મને કુળદેવતાએ કહ્યું. તારે નિકાચિત કર્મ છે તેથી પુત્ર નહિ થાય તો પછી મારે શું કરવું. મારી વિદ્યા ફોગટ જશે તેને લેનાર કોણ. દેવીએ કહ્યું, કમલપુર નિવાસી ધનસાગર નામે ભાંગી ગયેલ વહાણ-માંથી નવમે દિવસે સમુદ્ર કિનારે આવશે. તેને તું ઘેર લાવી બધી વિદ્યાઓ આપી દેજે.

એકવાર કહેતાંની સાથે તે બધી જ વિદ્યાઓ ગ્રહણ કરી લેશે. તારી પુત્રી તેને પરણાવી દેજે. અને તું નિશ્ચિંત બનજે. દેવી અદ્રશ્ય થયાં.

હું તારી ભક્તિ આ માટે કરૂં છું. તે બ્રાહ્મણે આમ કહ્યે છતે તારા પિતા એવા મેં સર્વવિદ્યા ગ્રહણ કરી અને એની પુત્રીને પરણ્યો. કેટલાયેક કાળે તે બ્રાહ્મણ સુંદર આરાધન કરી સમાધી વડે પરલોકમાં ગયો. તારા પિતાને તે બ્રાહ્મણીથી એક પુત્ર થયો. તેનું ધનદ નામ રાખ્યું. જ્યારે તે આઠ વર્ષનો વર્ષનો થયો ત્યારે સર્વ વિદ્યા પ્રાપ્ત કરવા લાગ્યો.

આ પ્રમાણે કેટલોક કાળ ગયા પછી ત્યાં આગળ શ્રી અજીતસિંહસૂરિ પધાર્યા. તેની પાસે તે બ્રાહ્મણી અને મેં દીક્ષા લીધી અને ગુરુએ સૂરિપદ અર્પણ કર્યું. તે જ હું આ તારી સમક્ષ બેઠેલ છું. હે ધનવતી ! આજ તારી માતા સમુદ્રના પાણીમાં આર્તધ્યાનથી મરીને માછલી થઈને આજે

વાનરી સ્વરૂપે, મને જોઇને પૂર્વ સ્નેહના કારણે ચોતરફ નૃત્ય કરે છે.

તે સાંભળી ધનવતી વાનરીને જોઇને હા....આ...હા... આ...આ શું થયું. એમ કહી આંસુ પાડવા લાગી. ગુરુએ કહ્યું, આજ વિષમ મોહદશા છે.

આલોક કે પરલોકમાં કરેલ પુન્ય જ ઉદ્ધાર કરે છે હવે રાજાએ કહ્યું. પૂર્વે પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપો ગુરૂએ કહ્યું. સાંભળો! કલીંગ દેશમાં કાંચનપુર નગરમાં લક્ષ્મીસાગર નામે શેઠ હતાં તેને લક્ષ્મીવતી સ્ત્રી હતી પરંતુ તે સાક્ષાત લક્ષ્મી અને સર્વજ્ઞના ધર્મનું આચરણ કરતી હતી. પરંતુ સંવિભાગ વ્રતમાં ગોટાળા કરતી હતી કાળ ગયા પછી ગુરૂમહારાજને બોલાવતી પોતાની વસ્તુ હોવા છતાં બીજાની છે તેમ કહેતી.

આ પ્રમાણે કેટલાક દિવસ પસાર થયા. એક દિવસ કોઈ સાર્થ વસંતપુર જવા તૈયાર થયો. કેટલાક મિત્રોએ લક્ષ્મીસાગરને કહ્યું કે તૈયાર થાવ. ગાડાં વિ. જોડો આમ કહી તૈયાર થઇ સાર્થમાં ચાલ્યો. ભરેલા ગાડાં આગળ પાછળ ચાલવા લાગ્યાં.

એક ઠેકાણે પડાવ નંખાયો રાત્રીમાં છેલ્લે પ્રહરે લક્ષ્મી-સાગરે નિશ્ચલ થઇ સામાયિક કરી અને જ્યાં પરમેષ્ઠિ સ્મરણ કરે છે ત્યાં સાર્થવાળા જાગ્યાં અને બોલ્યાં ગાડાં જોડો ચાલો ચાલો લક્ષ્મીસાગરે સંજ્ઞાથી સામાયિક છે એમ જણાવ્યું. અરે શુ આ સામાયિકનો સમય છે પ્રયાણ દૂર છે અને વિષમ છે અને ભૂખે મરી જવાય અરે અમે આગળ રાહ જોઇશું.

એમ કહી ચાલતા થયા. શેઠે ચિંતવ્યું. આ ગાડાની યાત્રાથી પુણ્ય ન થાય. ઠીક થયું કે મારે અહિં સામાયિક થયું જે થવાનુ હો તે થાઓ સામાયિક પુરૂ કરી ગાડાં જોડી જેટલામાં ચાલવાની તૈયારી કરે છે, ત્યાં આગળના ગાડાવાળાઓનો મોટેથી ભુમરાણુ સાંભળી. મારા પુણ્યે જ મને બચાવ્યો.

તેટલામાં આગળ ગયેલ બધાં સાર્થીઓ દિગમ્બર અવસ્થામાં આવતા જોયાં તે બધાએ કહ્યું. શેઠ તમને ધન્ય છે તમારૂં પુન્ય ફળ્યું. અરે અમારા ઉપર ધાડ પડી અને નગ્ન અવસ્થા કરી. શેઠે તેઓને વસ્ત્ર આપ્યાં બધા ઘરે પાછા ફર્યા તેજ વસ્તુના શેઠને ડબલ ભાવ મળ્યા મોટો લાભ થયો.

શેઠે આવી રીતે ન જવાનો નિયમ લીધો. અહિં રહીનેજ વેપાર શરૂ કર્યો લક્ષ્મી ખૂબ વધવાથી આગળ જતાં પુત્રનો લાભ પણ થયો જેનું લક્ષ્મીચંદ્ર નામ રાખ્યું. યુવાવસ્થામાં આવ્યો. તેના લગ્નના સમયમાં મધ્યાહ્ન અવસરે શેઠ દેવપૂજા કરે છે ત્યારે સાધુઓ તેમના ઘરે વિહાર કરતાં આવ્યા. શેઠે પૂજા કરીને પૂછયું ઘરમાં કોણ છે? હું જ છું પિતાશ્રી કોણ સાધુમહારાજ છે.

શ્રી ધર્મઘોષસૂરિ ૫૦૦ શિષ્યોથી પરિવરેલ પધાર્યા છે ત્યારે શેઠ કહે છે ૧૬ લાડવા આપજે, ત્યારે પુત્રે વિચાર કર્યો. સાધુઓ તો ઘણાં છે અને સોળ લાડવામાં શું થશે.

જ્યારે અહિં લગ્ન પ્રસંગને કારણે ઘણાં પ્રમાણમાં લાડું છે લાવ હું જ લાભ લઉં એમ કહી મોટો થાળ ભરી સાધુ પાસે આવ્યો સાધુએ ના...ના...કહેતા ખૂબ જ આપ્યા

પિતાએ પુછયું બેટા સોળ લાડું આપ્યા તેણે કહ્યું હું શેઠે સોળ જેટલું જ પુન્ય ઉપાર્જન કર્યું. અને પુત્રે અગણિત દાનથી પુણ્ય ઉપાર્જન કર્યું.

સાધુ ગયા. લગ્ન થયા. સમયે આ પિતાપુત્ર આયુષ્ય પૂર્ણ કરી શુભ ધ્યાન વડે કરી સૌધર્મ દેવલોકમાં દેવો થયા.

ત્યાંથી ચ્યવીને પિતાનો જીવ–આ ધર્મદત્ત સંવિભાગવૃતે અતિચારના ભાવથી અંતરે અંતરે દુઃખ પામ્યા અને પછી સોળ મોદક પુન્યના અનુમોદનથી સોળ કરોડનો સ્વામી બન્યો.

પુત્રનો જીવ. હે રાજન તું ચંદ્રધવલ થયો અક્ષય સુવર્ણ પુરૂષનો ભોક્તા બન્યો. રાજાએ વિચાર્યું ધર્મ જ હમેશા તેમાં સાક્ષીભૂત છે.

વળી રાજાએ કહ્યું હે સ્વામિ ! મોક્ષ વગર અક્ષય સુખ થતું નથી તો અપાર એવા ભવનો પાર પહોંચાડનારૂં એવું ચારિત્રરૂપી વહાણુ મને આપો રાજ્ય ભળાવીને આવું છું. ગુરુએ કહ્યુ, પ્રમાદ કરીશ નહિં.

ઘરે આવી ભોજન બાદ મંત્રીશ્વરોને બોલાવી કહ્યું. રાજ્ય કોને દેવું. ત્યારે મંત્રીશ્વરે કહ્યું આપે સંવત્સર પ્રવર્તાવ્યુ તોય પુત્ર ન થયો. વળી નિર્ગુણી એવા કોઈને રાજ્ય આપી શકાય નહી, માટે તમે જ લાંબા સમય સુધી રાજ્ય કરો. રાજા સંયમ ગ્રહણ કરવાના વિચારમાં સૂઈ ગયો અને પાછલી રાત્રીમાં તેને સ્વપ્ન આવ્યું.

કોઈ દિવ્ય રૂપવાન દિવ્ય આભરણુથી ભુષિત એવી સ્ત્રીએ કહ્યું હે રાજન્ તારૂં રાજ્ય વિરધવલને આપ્યું આ સંયમ સ્ત્રીની વરમાળા હું તારા કંઠમાં નાંખુ છું. રાજા

જાગતાની સાથે વિચારવા લાગ્યો આ શું ! મંત્રીઓને પુછ્યું આ વીરધવલ કોણુ છે. જે આપણાં રાજ્યને યોગ્ય છે તેણે કહ્યું સમજી શકાતું નથી.

ચાલો ગુરુમહારાજ પાસે જઇને પુછીએ હે સ્વામી ! આ વીરધવલ કોણુ છે. મહારાજે કહ્યું તમે દિક્ષા માટે તૈયાર થાવ તેજ વખતે પૂર્વ દિશામાંથી આવતાં તેનું સમાગમ થશે. અને એજ તમારો દિક્ષા મહોત્સવ કરશે.

એમ સાંભળી રાજા મહેલમાં આવી સંયમની ઇચ્છાવાળા તેણે સાતે ક્ષેત્રમાં ધન વાપર્યું. ત્યારે ધર્મદત્ત પણ ધનવતીની કુક્ષીએ થયેલ રત્નસિંહને ઘર સોંપી ધનવતી સાથે સંયમ માટે આદરવાળો થયો.

રાજા ધર્મદત્ત-પ્રિયા સાથે સંયમ માટે મહોત્સવપૂર્વક ગુરુ પાસે આવ્યા. દિક્ષાની શરૂઆત થઈ લોકો ચિંતવવા લાગ્યાં. અરે રાજા જાય છે પણ રાજ્યનો માલીક કોણ ? તેટલીવારમાં પૂર્વ દિશામાં દિવ્ય વાજીંત્રનો અવાજ શરૂ થયો. બધા વિસ્મય પામ્યા અને પૂર્વ દિશામાં ઘોડા-હાથી ઉપર આરૂઢ થયેલા અને શ્વેત છત્ર ચામરથી શોભીત કોઈ દિવ્ય પુરૂષ વાજીંત્રોના નાદ સાથે ત્યાં આવ્યો. ગુરુને નમસ્કાર કરી આગળ બેઠો. ગુરુએ દિક્ષીત રાજાને કહ્યું.

આ વીર ધવલ છે તેણે કહ્યું, એ કોણ ? ગુરુએ કહ્યું, સાંભળો....

સિંધુ દેશમાં વીરપુર નામે નગરમાં સીંહ નામે રાજા છે તેનો વીરધવલ પુત્ર છે તે શિકારના વ્યસનવાળો છે. એક વખત એક ગર્ભિણી હરણિને બાણથી વિંધી, તેના બહાર નીકળેલ ગર્ભને તરફડતો જોઇને પોતે જ ( કૃપાવાન ) દયાળુ

બની પોતાની નિંદા કરવા લાગ્યો. હિંસા ન કરવાનો મનથી નિયમ લઈ ઘેર આવ્યો.

એક વખત નગરના લોકોએ સિંહ રાજા પાસે આવી વિનંતી કરી કે ચોરોએ નગર લુંટી લીધું છે. તેણે આ રક્ષકોને ખૂબ ઠપકો આપ્યો. તેમણે કહ્યું, હે દેવ ! જેવા તેવા ઉપાયથી આ ચોરો કબજે થાય તેવા નથી. રાજાએ કહ્યું કે આજે જ ઉપાય થશે.

રાત્રે કુમાર અને તેના મિત્રો સર્વ પ્રયત્ન વડે ચોતરફ રક્ષણ માટે ગોઠવાઈ ગયા.

દૈવી યોગે ચોર મળી ગયો. નોકરોએ તેને સખ્ત બાંધ્યો. કુમારે વિચાર કર્યો. સવાર પડતાં આને મૃત્યુદંડ થશે અને મને પાપ લાગશે.

એમ વિચારી કુમારે તેને તરત જ છોડી દીધો. રાજાને ન કહેવા નોકરોને સમજાવ્યા. રાજાએ સવારે નોકરોને પૂછ્યું. નોકરોએ ના કહી કે મળ્યો નથી, પરંતુ રાજાને ખબર મળી ગયાં. ખીજાયેલાં રાજાએ કુમારને દેશ ત્યાગનો હુકમ કર્યો. ભમતો ભમતો તે નંદીપુરમાં ગયો. ત્યાં ભિક્ષા માટે ફરવા લાગ્યો. કર્મ શું નથી કરાવતું.

બહુ મહેનતે સકતુ [હાળીયાનો ભુકો ને ગોળ] મળ્યું. તળાવ કીનારે શીતળ જળ સાથે ખાવાની તૈયારી કરી અને વિચાર્યું. અરે જો અત્યારે કોઈ યાચક મળી જાય તો તેને આપું. કુદરતી સારા ભાગ્યના ઉદયે એક માસના ઉપવાસી પારણા માટે જતાં મુનિ મહારાજ મળી ગયાં.

બે હાથ જોડી હર્ષપૂર્વક બોલ્યો : આજ મારાં પૂર્વનું સુકૃત ફળ્યું છે. આજે મેં ભવસમુદ્રમાં તરવાની નૌકા મેળવી.

આજે ચિંતામણી રત્ન હાથમાં આવ્યું કે જે આંપના જેવા મહામુનિરાજ મને મળ્યાં.

આમ કહી સકતુપીંડ તેણે ઉપાડ્યો. સાધુએ યોગ્ય જાણી પાત્ર ધર્યું તેણે ભાવાવેશમાં અધો સકતુપીંડ મુનિરાજને વહોરાવી દીધો. તે જ વખતે શાસન દેવતાએ દિવ્ય દુંદુભી ધ્વની કર્યો અને કહ્યું.

ધન્ય છે, ધન્ય છે, ચંદ્રધવલનું રાજ્ય તને આપ્યું. તે સાધુ થયો છે. કુમારે અચિત સકતુથી આહાર કર્યો. દેવીએ તને (ચંદ્રધવલ) પણ સ્વપ્ન આપ્યું.

હાલમાં તે જ વીરધવલ તે દેવી વડે કરીને મહોત્સવપૂર્વક અહિં આવ્યા અને ચંદ્રધવલની દીક્ષા મહોત્સવ તેના વડે કરાયો. વાનરી ગુરુ ને ધનવતીને વારંવાર જોતી જાતિસ્મરણ પામી અને ભાવનાથી ધર્મનું આરાધન કરી. સમયે સૌધર્મ દેવલોકે દેવી થઇને તે જ ગુરુ (આચાર્ય)ની સાનિધ્યકારી થઈ. ગુરુમહારાજ નવદીક્ષિતની સાથે પૃથ્વી મંડલમાં વિહાર કરવા લાગ્યાં.

ચંદ્રધવલ મુનિએ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અક્ષયસુખ પ્રાપ્ત કર્યું. ધર્મદત્ત અને ધનવતીએ પણ સમયે સર્વાર્થસિદ્ધિને પ્રાપ્ત કરી. વીરધવલ રાજા મહોત્સવપૂર્વક ચંદ્રપુરી નગરે પ્રવેશ કરી પ્રજાને સારીં રીતે પાળવા લાગ્યો. સિંહ રાજાએ પોતાના પુત્રનું આવું ઉમદા સ્વરૂપ જાણ્યું. સમયે શ્રીદત્ત નામના પુત્રને રાજ્ય સોંપી વીરધવલ રાજાએ સંયમની આરાધના કરી સિદ્ધિ સુખ પ્રાપ્ત કર્યું.

આ રીતે દાનના પ્રભાવથી ધર્મદત્ત અને ચંદ્રધવલ બંનેએ મુક્તિ સુખ પેદા કર્યું.

પ્રકરણ [ ૨ ]

# સુખની સાચી શોધ

સુખ સૌને પ્રિય હોવાથી સહુ સુખની જ શોધમાં નીકળેલા છે જીવને અનાદિ કાળથી દુઃખમાં દ્વેષ અને સુખમાં રાગ છે, એટલે પ્રાણી માત્ર સુખની શોધ ચલાવે તે સ્વભાવિક છે. પણ જીવમાં મોહાંધતા એવી છે કે, તે વસ્તુના ગુણદોષને ખરા સ્વરૂપમાં જાણતો નહી હોવાથી શોધ સુખની ચલાવે છે, અને બદલામાં દુઃખ જ પામે છે.

સુખ એ જ્ઞાન ગુણની જેમ આત્માનો જ ગુણ હોવા છતાં જીવ તેની શોધ મોહાંધતાને લીધે બહારના પદાર્થોમાં ચલાવતો રહ્યો છે.

આત્મામાં અનંત ગુણ છે તેમાં જો કે મુખ્ય જ્ઞાનગુણ છે છતાં સુખ એ પણ આત્માનો ગુણ છે. ગુણ ગુણી કથંચિત અભેદ પણ હોય છે, પણ મોહાંધતાને લીધે પોતામાં રહેલી વસ્તુ જીવને પોતાનામાં દેખાતી નથી. જેમ આપણી કોઇ વસ્તુ ઘરમાં ખોવાઈ જાય ને તેની શોધ બહાર ચલાવીએ તેમ સુખ એ આત્મામાં હોવા છતાં જીવ તેની શોધ બહાર ચલાવી રહ્યો છે.

સુખસાગર એવો આત્મા જ જ્યાં પૂર્ણ છે ત્યાં તે પરની આશા શા માટે રાખે ? આત્મા જો પોતાના સ્વભાવ તરફ વળે તો તે અનંત અવ્યાબાધ સુખનો ભોક્તા બની જાય અને સદાકાળને માટે તેના દુઃખનો અંત આવી જાય.

પ્રાણી માત્ર જે સુખને ઇચ્છે છે તે જેવા તેવા સુખને ઈચ્છતાં નથી. પરંતુ ઐકાન્તિક અને આત્યંતિક સુખને ઇચ્છે છે. જેમાં દુઃખનો એક અંશ પણ ન હોય તે સુખને ઐકાંતિક કહેવામાં આવે છે અને જે શાશ્વત હોય તેને આત્યંતિક કહેવામાં આવે છે.

સરળ ભાષામાં કહેવું હોય તો સંપૂર્ણ અને શાશ્વત સુખને સહુ ઇચ્છે છે પણ તેવું સુખ જીવને ધન-વૈભવમાંથી મેળવવું છે. સાધ્ય ઘણું ઊંચું છે અને સાધન તદ્દન પાંગળા છે. ધન-વૈભવ આદિમાં શાશ્વત અને સંપૂર્ણ સુખ આપવાની તાકાત જ નથી. ધન-વૈભવ આદિ જ્યાં પોતે જ અશાશ્વત અને અપૂર્ણ હોય તેમાંથી સંપૂર્ણ અને શાશ્વત સુખ ક્યાંથી મળી શકે?

લક્ષ્મી તો વિજળીના ઝબકારા જેવી છે. સત્તા પતંગિયાના રંગ જેવી છે. આયુષ્ય જળના તરંગ જેવું છે. યૌવન ઈન્દ્ર ધનુષ્યના રંગ જેવું છે. હવે તેમાંથી જીવ શાશ્વત સુખ મેળવી શકે? તેવું સહજ સુખ માત્ર આત્મામાંથી જ મેળવી શકાય.

સુખની બાબતમાં માનવ પાસે દિવ્ય દ્રષ્ટિ હોવી જોઇએ કે ઐકાન્તિક અને આત્યંતિક સુખ આત્મા સિવાય વિશ્વના કોઇ પદાર્થમાં આપવાની તાકાત નથી. સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટે અમોઘ ઉપાય ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવવામાં આવ્યો છે. સૂત્રના બત્રીસમાં અધ્યયનમાં શ્રી ગણધર ભગવંતો ફરમાવે છે કે:—

સમ્યગ્જ્ઞાન સંપૂર્ણ પ્રકાશથી, ' અજ્ઞાન અને મોહના

સંપૂર્ણ નાશથી અને રાગ-દ્વેષના સંપૂર્ણ ક્ષયથી જીવ ઐકાન્તિક અને આત્યંતિક સુખને પામે છે. રાગ અને દ્વેષના સંપૂર્ણ ક્ષયથી આત્મા લોકાલોક પ્રકાશક બની જાય છે. રાગદ્વેષનો ક્ષય થાય તો અજ્ઞાન અને મોહનો પણ ક્ષય થઈ જાય. રાગદ્વેષમાંયે રાગનો ક્ષય થતાં દ્વેષનો ક્ષય સહેજે થઈ જાય છે. કારણ કે રાગમાં જ દ્વેષની જડ રહેલી છે.

બાહ્યદૃષ્ટિથી વિચારનારને દ્વેષ અતિ ભયંકર લાગે પણ તત્ત્વદૃષ્ટિથી વિચારવામાં આવે તો દ્વેષ કરતાંયે રાગ અતિ ભયંકર છે. જો કે દ્વેષ અતિ ભયંકર છે, તો પણ તે જરા ઉતાવળિયો છે. થોડીકવાર ભભૂકે અને પાછો શાંત પડી જાય. ત્યારે રાગ એ તો મેલો મુત્સદ્દી છે. બીજી રીતે વિચારીએ તો દ્વેષ એ દાવાનલ છે. તો રાગ એ વડવાનલ છે. જંગલમાં ગમે તેવો ભયંકર દાવાનલ લાગેલો હોય પણ જો ઓચિંતી વૃષ્ટિ થઈ જાય તો તે દાવાનલ ઠરી જાય પણ વડવાનલ તો પાણીને પણ બાળી નાંખનારો છે. વડવાનલ પણ એક પ્રકારનો અગ્નિ છે, જે દરિયામાં ઉત્પન્ન થાય છે. માટે અપેક્ષાએ રાગ-દ્વેષ કરતાં યે ભયંકર છે.

બીજી રીતે વિચારીએ તો દ્વેષ કરતાં રાગનું ક્ષેત્ર પણ વિશાળ છે. દ્વેષ સજીવ-સચેતન વસ્તુ ઉપર થાય છે જ્યારે રાગ સજીવ-નિર્જીવ બન્ને વસ્તુ ઉપર થાય છે. માટે ક્ષેત્રની વિશાળતાના હિસાબે પણ દ્વેષ કરતાં રાગ અતિ ભયંકર છે.

ફક્ત જ્ઞાનદશા વાળા સંતપુરુષોને રાગ દશાની રિબામણ હોતી નથી. માટે જ મહાપુરુષોએ સરાગીના સુખ કરતાં વિરાગીના સુખને અનંત કોટીગણું કહ્યું છે. ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ પ્રશમ રતિ શાસ્ત્રમાં ફરમાવે છે કે:—

પાંચે ઈન્દ્રિયોના વિષય સુખના તીવ્ર આસક્તિપૂર્વકના ભોગવટામાંથી જે સુખ સરાગી પામે છે, તે કરતાં વિરાગી વગર પ્રયાસે અનંગ કોટી ગણુ સુખ પામે છે. સરાગીને સહન કરવા પડતાં કષ્ટો વિરાગીને સહન કરવા પડતા નથી, છતાં વિરાગીનું સુખ અનંત કોટીગણું જે કહ્યું છે, તેનું શું કારણ હોઇ શકે ? તો તેના પ્રત્યુત્તરમાં ભગવાન ઉમાસ્વાતિ મહારાજ ફરમાવે છે કે ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગ માંથી ઉદ્દભવતાં જે દુઃખને સરાગી પામે છે. તે દુઃખનો સ્પર્શ પણ વિરાગીને હોતો નથી.

આ બન્ને વાતમાં (ગાથાઓમાં) ભગવાન ઉમાસ્વાતિજી મહારાજાએ કોઈ અદ્‌ભુત વસ્તુ વર્ણવી છે. વિરાગીનું સુખ સરાગીના સુખ કરતા અનંત કોટી ગણુ છે, તેનું આ બીજી વાતમાં (બીજી ગાથામાં) પ્રબળ કારણ દર્શાવ્યું છે. ઇષ્ટના વિયોગમાંથી ઉદ્દભવતાં દુઃખનો જેમ વિરાગીને સ્પર્શ સરખોય હોતો નથી તેમ અનિષ્ટના સંયોગમાંથી ઉદ્દભવતાં દુઃખનો પણ વિરાગીને સ્પર્શ સરખો યે હોતો નથી. જ્યારે સરાગીને ડગલેને પગલે તે દુઃખનો અનુભવ કરવો પડે છે.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ "ધર્મબિન્દુ" માં ફરમાવે છે કે

उक्तं मासादि पर्याय वृद्धया द्वादशभिः परम् ,
तेजः प्राप्नोमति चारित्री सर्वदेवेभ्य उत्तमम् .

માત્ર બાર મહિનાના ચારિત્ર પર્યાયે શ્રમણ ભગવંતો સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવોમાં સમાધિના સુખને પણ ઓળંગી જાય છે એટલે કે બાર મહિનાના ચારિત્રના પર્યાયે સર્વદેવો કરતાં ઉત્તમ સમાધિ સુખને શ્રમણ ભગવંતો પ્રાપ્ત

કરતાં હોય છે આ ચિત્તની સમાધિના સુખની અપેક્ષાએ ઘટના થાય છે સર્વાર્થ સિદ્ધ વિમાનવાસી દેવો નિર્વિકારી હોવાથી તેમનું સમાધિ સુખ ઘણું શ્રેષ્ઠ હોય છે છતાં તેમના સુખને પણ ભાવ નિર્ગ્રંથ દશાએ પહોંચેલા શ્રમણ ભગવંતો માત્ર બાર મહિનાના ચારિત્રના પર્યાયે ઉલ્લંઘી જાય છે તો બીજા દેવોના સુખની વાત જ ક્યાં રહી ?

'સાધુ સુખિયા સંસારમાં નવ દુખિયા લવલેશ' સાધુ સંસારમાં સંપૂર્ણ સુખી હોય છે તેમને લવલેશ પણ દુઃખ હોતું નથી.

સાધુ હંમેશા સ્વભાવે સુખિયા હોય છે. જ્યારે સંસારી પરભાવે દુઃખિયા હોય છે. પોતાની નિજ સત્તા એ જ સ્વભાવ છે. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે :—

" સ્વભાવના લાભ સિવાય જીવને અનંતકાળના પરિભ્રમણમાં બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું નથી. જીવ રાગ-દ્વેષ આદિના પરભાવમાં જ રહ્યો છે. પણ નિજભાવમાં ક્યારેય આવ્યો જ નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ જીવનો સ્વભાવ છે. જીવની સ્વભાવ તરફ દ્રષ્ટિ મંડાય તો પણ મોટી વાત છે તો સ્વભાવમાં જો રમણતા થાય તો તેની તો વાત જ શી કરવી.

આકુળતા એ જ દુઃખનું લક્ષણ છે. અનાકુળતા એ સુખનું લક્ષણ છે. આકુળતાને ચિત્તની અસ્વસ્થતા કહેવામાં આવે છે. અનાકુળતાને ચિત્તની સ્વસ્થતા કહેવામાં આવે છે. ચિત્તની સ્વસ્થતાનું જે સુખ છે તેની આગળ ઈન્દ્ર કે ચક્રવર્તીના સુખ પણ તુચ્છ છે.

ભગવાન ઉમાસ્વાતિ મહારાજ ફરમાવે છે કે “ રાજાના રાજા (ચક્રવર્તી) દેવના દેવ [ઈન્દ્ર] ને પણ તે સુખ નથી કે જે સુખ લોક વ્યાપારથી રહિત શ્રમણ ભગવંતોને છે. જેમ જેમ ચારિત્ર પર્યાય વધતો જાય. તેમ તેમ શ્રમણ ભગવંતોના ચિત્તની સ્વસ્થતા પણ વધતી જાય. અંતે ચિત્ત સમાધિમય બની જાય પછી તો સુખની પણ અવધિ થઈ જાય છે.

તમે બધાયે વિત્તમાં સુખ માન્યું છે પણ મહાપુરુષો ચિત્તની શાંતિમાં સુખ ફરમાવે છે. વિત્તનું ગમે તેવું સુખ હોય પણ તે અંતે નાશવંત છે. જ્યારે ચિત્તની સમાધિનું સુખ શાશ્વત છે. પૂ૦ હરિભદ્રસૂરિજી મહારાજ ફરમાવે છે કે અસંક્લિષ્ઠ એવું જે ચિત્તરૂપી રત્ન છે તે આંતરિક પરમ નિધાન છે. રાગ-દ્વેષરૂપી અભ્યંતર શત્રુઓથી જેનું એ પરમ નિધાન લુંટાઈ ગયું છે તેની ઉપર ભાવિમાં નિશ્ચિંતપણે વિપત્તિ આવે છે. માટે સુવિશુદ્ધ એવું જે ચિત્ત તે જ સાચી સંપત્તિ છે. એવું ચિત્ત ન હોય અને ગમે તેવું વિત્ત હોય તો પણ વિપત્તિ છે. ચિત્તના સંકલેશ જેવું બીજું એક પણ દુઃખ નથી અને ચિત્તની સ્વસ્થતા જેવું બીજું એકેય સુખ નથી.

શ્રી ભર્તૃહરિ “ વૈરાગ્ય શતક ” માં લખે છે કે સંસારના સુખ એ માત્ર દુઃખ ના પ્રતિકાર રૂપે છે. જેમ કોઈને તૃષા લાગવાથી કંઠ શોષાતો હોય ત્યારે તે જળપાનથી તેનો પ્રતિકાર કરે છે. ક્ષુધા લાગે ત્યારે ભોજનથી પ્રતિકાર કરવામાં આવે છે. મનુષ્યો આ બધાં દુઃખોનો યોગ્ય ઉપાયથી પ્રતિકાર કરતા હોય છે. પરંતુ એ પ્રતિકારમાં દુઃખનો સર્વથા આત્યંતિક નાશ કરવાની તાકાત નથી. પ્રતિકાર થાય ત્યારે ક્ષણ પૂરતું સુખ પ્રાપ્ત થાય છે. પણ આવા પ્રતિકારથી

કાયમનું સુખ પ્રાપ્ત થતું નથી. છતાં વ્યાધિના પ્રતિકાર જેવા ઇન્દ્રિય સુખમાં જીવને જે સુખ બુદ્ધિ થાય છે તે માત્ર બુદ્ધિનો વિપર્યાસ છે અથવા બુદ્ધિની વિપરીતતા છે. દુઃખનો આત્યંતિક ક્ષય કરવાની તાકાત માત્ર રત્નત્રયીની આરાધનામાં જ છે. જો રત્નત્રયીની આરાધનામાં જ જીવ જોડાય જાય તો અનંતકાળના દુઃખનો ક્ષય થવાની સાથે આત્યંતિક અને ઐકાંતિક એવા મોક્ષસુખની પ્રાપ્તિ થઈ જાય.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ ત્રણને રત્નત્રયી કહેવામાં આવે છે. જો રત્નત્રયીની આરાધનામાં જીવ દૃઢ ચિત્તવાળો બની જાય તો સહેલાઈથી દુઃખ દરિયાનો પાર પામી જાય તેમાં જ્ઞાનથી જીવ જગતના હેય કે ઉપાદેય તમામ ભાવોને જાણે છે, દર્શનથી તે ભાવોનું સમ્યક્-શ્રદ્ધાન કરે છે અને ચારિત્રથી હેયનો ત્યાગ કરવાપૂર્વક ઉપાદેયનું આચરણ કરે છે.

બસ આ મુજબ જાણીને શ્રદ્ધાન કરનાર અને આચરણ કરનાર દુઃખ દરિયો પાર કરી લે છે. સંસારના સુખ માત્ર વ્યાધિના પ્રતિકાર રૂપ છે. આ રીતની શ્રી ભર્તૃહરિએ "વૈરાગ્ય શતક" માં વ્યાખ્યા કરેલી છે. પૂ૦ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ સુખ-દુઃખની સમીક્ષા "યોગ-દૃષ્ટિ" ગ્રન્થમાં અતિ સૂક્ષ્મ બુદ્ધિથી કરી છે. તેઓશ્રી ફરમાવે છે કે જેટલું પરવશ તે દુઃખ છે અને જેટલું આત્મવશ તે સુખ છે.

## પ્રકરણ [ ૩ ]

# ભીલરાજાની ત્રણ રાણીઓ

એક જ વાકય કે એક જ શબ્દનો અર્થ જુદી જુદી રીતે કરે તે બનવા યોગ્ય છે. આ વાતનો વધારે સ્પષ્ટ ખ્યાલ નીચેના દૃષ્ટાંત પરથી આવી શકશે.

એક ભીલ રાજા પોતાની ત્રણ રાણીઓને સાથે લઈને દૂરના કોઈ ગામ તરફ જઈ રહ્યો હતો, તે વખતે એક રાણીએ કહ્યું. હે નાથ ! મને બહુ તરસ લાગી છે, માટે પાણી લાવી આપો. બીજી રાણીએ કહ્યું. હે સ્વામી ! મારાથી હવે ભૂખે રહેવાતું નથી, માટે કોઈક પ્રાણીનો શિકાર કરો. અને ત્રીજી રાણીએ કહ્યું. હે પતિદેવ ! આ માર્ગ બહુ કંટાળા ભરેલો લાગે છે. માટે આપ એવું સુંદર ગીત ગાઓ કે જેથી મારૂં મન પ્રસન્ન થાય.

તેમના જવાબમાં ભીલરાજાએ ફક્ત એટલું જ જણાવ્યું કે "સરો ણુત્થિ" એટલે પહેલી રાણી એમ સમજી કે નજીકમાં કોઈ સરોવર નથી તો પાણી ક્યાંથી લાવે ? મતલબ કે આગળ જતાં કોઈ જળાશય આવશે ત્યારે પાણી લાવી આપશે. બીજી રાણી એમ સમજી કે આ વનમાં પ્રાણી નથી, તો શિકાર કેવી રીતે કરે ? મતલબ કે આગળ પર ખાવાનો કોઈ બંદોબસ્ત કરશે. અને ત્રીજી રાણી એમ સમજી કે સ્વર નથી એટલે ગળું બેસી ગયું છે. તો શી રીતે ગાય ? તેથી એ માટે આગ્રહ કરવો ઉચિત નથી.

આમ એક જ " સરો ણુત્થિ " વાકયમાંથી ત્રણ અર્થો કાઢવામાં આવ્યા.

[ —સફળતાની સીડીમાંથી સાભાર ]

પ્રકરણ [ ૪ ]

# પંડીતનો પ્રત્યુત્તર

એક વાર એક પંડિતને ચાર જુદા જુદા મનુષ્યોએ ચાર સવાલ પૂછયાં. તે આ રીતે :—

(૧) જીવનનું લક્ષણ શું ?

(૨) કામદેવની સ્ત્રીનું નામ શું ?

(૩) ઉત્તમ ફુલ કયું ?

(૪) કન્યા પરણ્યાં પછી જાય કયાં ?

પંડીતે આ ચારે સવાલોના જવાબમાં માત્ર એટલું જ કહ્યું કે, "સાસરઈ જાય."

એટલે પહેલો સવાલ પૂછનાર સમજ્યો કે જીવનનું લક્ષણ "સાસ=શ્વાસ" છે. બીજો સવાલ પૂછનાર સમજ્યો કે કામદેવની સ્ત્રીનું નામ "રઈ=રતિ" છે. ત્રીજો સવાલ પૂછનાર સમજ્યો કે ઉત્તમ ફુલ જાય=જાઈનું છે. અને ચોથો સવાલ પૂછનાર સમજ્યો કે કન્યા પરણ્યા પછી "સાસરઈ જાય=સાસરે જાય" છે.

[—સફળતાની સીડીમાંથી સાભાર ]

## પ્રકરણ [ ૫ ]

# વફાદાર મુનિમ

લક્ષ્મીની સાથે પાંચ વસ્તુઓ હાજર થાય છે.

(૧) નિર્દયતા. (૨) અહંકાર. (૩) તૃષ્ણા (૪) કર્કશ વચન પ્રયોગ. (૫) હલકી કોટિના માણસો પ્રત્યે પ્રેમ.

આ કથન સર્વાંશે સત્ય ભલે ન હોય પણ મહદ્ અંશે સાચું છે. તે વાત નીચેના ઉદાહરણથી સમજી શકાશે.

એક લક્ષ્મીનંદને મરતી વખતે પોતાના વફાદાર મુનિમને કહ્યું કે હું મરતી વખતે મારી પાછળ એટલું ધન મૂકતો જાઉં છું કે મારી સાત પેઢી સુધી પણ તે ખૂટશે નહિં. પણ તમને ભલામણ એકજ કરવાની કે જ્યાં સુધી તમે ગાદી પર હો ત્યાં સુધી મારો પુત્ર સટ્ટો ન કરે તે જોશો. એ બાબતનું તમે વચન આપો એટલે મને નિરાંત થાય. વફાદાર મુનિમે તે પ્રમાણે વચન આપ્યું.

શેઠ હવે ગુજરી ગયા અને બધી મિલ્કત યુવાન શેઠના હાથમાં આવી. "સરોવર ભર્યું હોય ત્યાં અનેક પક્ષીઓ આવી પહોંચે છે. એ ન્યાયે આ યુવાન શેઠ આગળ જુદી જુદી જાતના અનેક માણસો જમા થવા લાગ્યા. તેમાં કેટલાક

સિનેમા અને નાટકના શોખિન હતા, કેટલાક દારૂડીયા હતા, કેટલાક ગુપ્ત વ્યભિચાર કરનારા હતા અને કેટલાક સટોડીયા હતા.

શેઠના બાળપણાનાં સંસ્કારો સારા હતા અને તેમના પિતાએ પણ ધાર્મિકતાનો કેટલોક વારસો આપ્યો હતો. તેથી તે બીજી રીતે બગડ્યા નહિ, પણ સટોડિયા મિત્રોએ તેમના મનમાં એ વાત મજબૂત ઠસાવી દીધી કે તેઓ પોતાના ધનના જોરે અને ખાસ કરીને ભાગ્યના જોરે સટ્ટા દ્વારા ક્રોડો રૂપિયા કમાઇ શકશે.

આ વાતને વધારે મજબૂત કરવા માટે કેટલાક જોશીઓને તથા હસ્તરેખા-વિશારદોને બોલાવી લાવ્યા અને તે અગમ-નિગમની વાત જાણનાર મહાપુરુષોએ (!) શેઠને કહી દીધું કે "તમારા ગ્રહો અતિ બળવાન છે અને હવે પછીના વર્ષોમાં લક્ષ્મીની રેલમછેલ થશે."

પછી પૂછવું જ શું ? શેઠે સટ્ટો ઉપાડવાનો વિચાર કર્યો અને તેને લગતી બધી તૈયારી કરી. તે વખતે એક વફાદાર મુનિમે કહ્યું : "હે શેઠ ! આપના પર લક્ષ્મીની મહેર છે, આપની પાસે મકાનો છે, માળાઓ છે, મિલો છે, મોટી મોટી મિલકતો છે અને રોકડ નાણું પણ ઘણું છે, તેથી આપે સાહસ ભરેલા ધંધામાં ઉતરવું યોગ્ય નથી. સટ્ટો તો ભર્યું નાળિયેર કહેવાય, તેમાંથી શું પરિણામ આવે તે કોણ કહી શકે ? વળી મારી નજરે મેં અનેક સારાં સારાં માણસોને આ ધંધામાં ખુવાર થતા જોયાં છે, તેથી આપને મારી સલાહ છે કે આ ધંધામાં પડવું નહિ.'

મુનિમ પુરાણા હતા અને પિતાના ઠેકાણે હતા. તેથી શેઠ વિચારમાં પડી ગયા એટલે સટ્ટો ઉપાડવાનો વિચાર મુલતવી રાખ્યો. પેલા સટોડિયા મિત્રોએ જોયું કે શેઠનો ઉત્સાહ એકાએક ઓસરી ગયો એટલે તેના કારણોની શોધ કરવા માંડી. તેઓ જાણી.શંકયા કે શેઠના મુનિમે જ તેમના કાનમાં ફુંક મારી છે. અને આપણી યોજના ઉપર પાણી ફેરવ્યું છે, તેથી તેઓ ધીમે ધીમે શેઠના કાન પર મુનિમની બેવફાદારીના અને ખાનગી રીતે પૈસા ખાઇ જવાના આક્ષેપો કરવા લાગ્યા. તે સાથે સટ્ટો કરવાથી કોણે કેટલા પૈસા મેળવ્યા અને કેવા માલેતુજાર થઈ ગયા તે જ વાતો કરવા માંડી. તેથી કાચા કાનના શેઠે મુનિમની શિખામણને બાજુએ મૂકીને ફરી સટ્ટામાં ઝંપલાવવાનો નિશ્ચય કર્યો.

મુનિમે જોયું કે શેઠ ફરીને સટ્ટો ઉપાડવાના નિશ્ચય પર આવ્યા છે એટલે તેણે કહ્યું: ભલા થઇને મારી વાતનો સ્વીકાર કરો. હું તમારો આટલા વર્ષનો જુનો અને વફાદાર સેવક તમને કદી પણ ખોટી સલાહ આપું નહિ. આપ સટ્ટો કરો તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

તે વખતે શેઠે કહ્યું: "તમે કેટલા વફાદાર છો, તેની મને ખબર છે પણ જુના માણસ જાણીને હું કાંઇ બોલતો નથી ત્યારે તમે વધારે પડતી છૂટ લેતા જાઓ છો, માટે હવે પછી તમારે મારી કોઇ પણ વાતમાં વચ્ચે પડવું નહિ અને મને વણમાગી શિખામણ આપવી નહિ!"

શેઠના મુખમાંથી આવા શબ્દો નીકળતાં મુનિમના તો હોંશકોશ ઉડી ગયાં. જાણે ચંદ્ર અગ્નિ ઝરતો હોય, જાણે સાગર માઝા મૂકતો હોય, જાણે પગ નીચેની ધરતી સરકી

રહી હોય તેવો દુઃખદ અને આશ્ચર્યકારી અનુભવ કરવા લાગ્યા.

પણ થોડીવારે એ વચનોની કળ કાંઈક મોળી પડી ત્યારે વિચાર કરવા લાગ્યા કે "શેઠની સોબત ખરાબ છે અને તેમના કાનમાં પૂરેપૂરૂં ઝેર રેડાયું છે. એટલે હાલ મારી કોઈ પણ વાત માનશે નહિ. વળી તેમનો દિનમાન પણ હવે પાંસરો હોય તેમ જણાતું નથી. નહિં તો આવી કુબુદ્ધિ ક્યાંથી સૂઝે? એટલે તેણે કહ્યું: મારા માલિક! આ શબ્દો આપના મુખમાંથી નીકળતા હોય તેમ હું માનતો નથી, કારણ કે આપની સજ્જનતા અને વિવેકથી હું પુરેપુરો પરિચિત છું. એટલે આ વચનો આપનામાં દાખલ થયેલા કોઈ ભૂત–પ્રેત, પિશાચ કે વ્યંતરના જણાય છે. તેથી તેનો અફસોસ કે ઓરતો કરતો નથી. મારી વફાદારી માટે આપ કહો તેવા પ્રમાણો આપવા તૈયાર છું. વધારે શું કહું? જે ધણીનું મેં નિમક ખાધું છે, તેના પ્રત્યેની મારી અખંડ વફાદારી જ મને આ વચનો બોલાવી રહી છે, નહિં તો હું જાણું છું કે ભીંતમાં લૂણો લાગી ચૂકયો છે અને ખેતરમાં હિમ પડી ચૂકયું છે.

આ શબ્દોથી શેઠ એકદમ ઉશ્કેરાઈ ગયા અને બોલી ઉઠ્યા કે મુનિમજી! જીભને વધારે પડતી લાંબી કરવાની કોઇ જરૂર નથી. મારી સાથે કેવી અદબથી વાત કરવી જોઇએ તે પણ તમે ભૂલી ગયા છો, માટે હવે પછી જો બીજીવાર આવું કરશો તો પાણીચું પરખાવી દઈશ!

મુનિમે કહ્યું: આપ સટ્ટો કરો અને હું ગાદી પર બેસું એ વાત બનવાની જ નથી. જો આપનો તે નિશ્ચય આખરી

જ હોય તો આ રહી તિજોરીઓની ચાવીઓ અને આ રહ્યાં ચોપડાં. આ હાલતમાં હું એક ક્ષણ પણ નોકરી કરવા તૈયાર નથી.

શેઠ મુનિમ સામું જોઈ રહ્યા, તે વિચારવા લાગ્યા કે હું માલદાર થાઉં કે ગરીબ બની જાઉં તેની સાથે આ મુનિમને શું લાગેવળગે ? એ તો એના પગારનો ભાગીદાર તેમ છતાં એ જોઠ ડાહ્યો થઈને મને શિખામણ આપવા આવે છે. અને હું શિખામણ ન માનું તો નોકરી છોડી દેવાની ધમકી આપે છે, તેથી તેને કંઈ જોઈતું આપવું નહિ અને તેમણે મુનિમની પાસેથી તિજોરીઓની ચાવીઓ અને ચોપડાં સંભાળી લીધાં.

મુનિમ સલામ ભરીને ગાદીએથી નીચે ઉતર્યો. તેની નોકરી છૂટી ગઈ. પણ તેને એક વાતનો પરમ સંતોષ હતો કે તેણે એક મરણ પામતાં માલિકને આપેલાં વચનનું પાલન બરાબર કર્યું હતું.

મુનિમજી ચાલ્યાં જતાં શેઠ પરનો સર્વ અંકુશ દૂર થયો. ખુશામત ખોરોનું ચડી વાગ્યું અને તેમની શિખામણ પ્રમાણે શેઠે સટ્ટામાં યાહોમ ઝંપલાવ્યું. એ સટ્ટાએ પ્રારંભમાં યારી આપી અને કેટલાક લાભનો નફો થયો. પેલા સવાર્થી અને ખુશામતખોરો એક યા બીજા રસ્તે ચડી ગયા. પછીથી આવ્યો કટોકટીનો સમય. શેઠે નાખેલો મોટો દાવ ઊંધો પડ્યો, પરંતુ આ ઘટના એ તેમને બમણો સટ્ટો કરવાને ઉશ્કેર્યો કારણ કે હાર્યો જુગારી હંમેશાં બમણું રમે છે. પરંતુ એ દાવ પણ નિષ્ફળ ગયો અને શેઠ વધારે ખાડામાં ઉતરી પડ્યાં. આ વખતે સાચી સલાહ આપનાર તેમની પાસે

કોઈપણ હતું નહિ, અને જે કોઈ હતા તે નીચ પ્રકૃતિના હતા, વળી સ્વાર્થી હતા એટલે છેવટે શેઠ ગળાબુડ ખોટમાં ઉતરી ગયા અને મકાનો, માળાઓ, મિલો અને મીલ્કતો વેચવાનો વખત આવ્યો. જ્યારે તેમનું સર્વ કાંઈ વેચાઈ ગયું ત્યારે ખોટનો ખાડો માંડ માંડ પૂરાયો. તે દિવસથી તેઓ છેક મુફલીસ બની ગયા.

કહેવાનું તાત્પર્ય એ છે કે લક્ષ્મી આવે છે. ત્યાં હલકી પ્રકૃતિનાં માણસો ભેગાં થાય છે, તેઓ સ્વાર્થવશાત્ ખોટી સલાહ આપે છે અને લક્ષ્મીનંદનોને તે સાકર જેવી મીઠી લાગે છે. જ્યારે સાચાબોલા, વફાદાર અને સજ્જન માણસોનું તેમની પાસે કોઈ સ્થાન રહેતું નથી.

[ —સફળતાની સીડીમાંથી સાભાર ]



[ ૯ ]

નાની પુત્રવધુની ના છતાં શેઠે રાજાને નિમંત્રી સ્વ-વૈભવનું પ્રદર્શન કર્યું. મંત્રીની સલાહથી રાજાએ સભામાં શેઠને બોલાવી કહ્યું કે જે પ્રતિક્ષણે ઘટે છે તે શું? અને પ્રતિક્ષણે વધે છે તે શું? આ બે પ્રશ્નોનાં જવાબ આપો નહિં તો પાંચ કરોડનો દંડ આપો.

દુઃખી શેઠ ઘેર ગયા, વાત જાણી નાની પુત્રવધુ કટોરામાં દુધ અને હાથમાં ઘાંસ લઇ સભામાં આવી. રાજા કહે આ શું છે? પેલી કહે તમારા મંત્રીમાં બુદ્ધિ નથી. પશુ છે તેને માટે ઘાંસ લાવી છું અને તમો બાળક છો બીજાની બુદ્ધિથી ચાલો છો. તમને પુષ્ટ કરવા દુધ લાવી છું. હે રાજન્! હવે પ્રશ્નનો જવાબ સાંભળો. પળે પળે ઘટે તે આયુષ્ય, પ્રતિક્ષણે વધે તે તૃષ્ણા છે. રાજા સાંભળી પ્રસન્ન થયા.

[ રાજેન્દ્ર વ્યાખ્યાનાદિ સંગ્રહમાંથી સાભાર ]

[ ૧૦ ]

રાજા ભારે જીદ્દી. એકવાર પોતાની સાસુ સાથે વાંકુ પડતા મંત્રીને હુકમ કર્યો કે સાંજ સુધીમાં બધી જ સાસુઓને દેશનિકાલ કરો. મંત્રી પહેલાં જ મહારાણીને હુકમ કર્યો, કેમકે રાજકન્યા પરણેલ હતી. છેવટે હુકમ પાછો ખેંચવો પડયો.

[ રાજેન્દ્ર વ્યાખ્યાનાદિ સંગ્રહમાંથી સાભાર ]

જંગલમાં રૂપાળી ખેડુત કન્યા જોઇ રાજા મુગ્ધ બન્યો. તે જાણી મંત્રી તેને ઝુંપડી બહાર આવી સવાલો પુછ્યા. જેનો અંદરથી તે જવાબ દેવા માંડી. પ્રશ્ન : શું કરે છે? જવાબ: એકને દબાવી હજારોની પરીક્ષા કરૂં છું. (ભાત દાબે છે) પ્ર૦ તારા પિતા કયાં છે? જ૦ અનંત આકાશના પાણીને રોકવા ગયા છે. [ છાપરૂં સમું કરવા. ] પ્ર૦ તારી માતા કયાં છે. જ૦ પીયરમાં. પ્ર૦ કયારે આવશે? જ૦ તે આવી ગઈ તો નહિં આવે, નહિ આવે તો પાછલા પહોરે આવશે. (વચમાં નદી આવે છે તેમાં પાણી આવશે તો નહિ આવે, નહિં તો સાંજ આવશે) પ્ર૦ તારા ભાઇ કયાં છે? જ૦ ગાંઠના પૈસા આપી ખાસડા ખાવા ગયો છે. ( ભાઈ પૈસા આપી દારૂ પીએ છે. ) પ્ર૦ તારી ભાભી કયાં ગઇ છે? જ૦ એકના બે કરાવવા ગઈ છે. ( ચણાની દાળ બનાવવા ગઈ છે ) મંત્રી કાંઇ જ ન સમજયો. રાજાને બધી વાત કરી. છોકરી મહા ચતુર જાણી. તેના પિતાની સંમતિ લઈ રાજા પરણ્યો. પછી ખુલાસો પુછતાં ઉપર કાંઉસમાં છે તે ખુલાસો જાણી રાજા અતિ પ્રસન્ન થયો.

( રાજેન્દ્ર વ્યાખ્યાનાદિ સંગ્રહમાંથી સાભાર )

卐

# ટુ ચ કા

(૧) ગાડી ચુકી ગયેલ લગ્ન માટે જતાં પ્રોફેસરે ટેવ મુજબ વહુને તાર કરી દીધો કે ટ્રેઈન ચુકયો છું. આવું ત્યાં સુધી પરણુતી નહિ.

(૨) મૂર્ખ: અરે ચશ્મા પહેરીને કેમ ઉંઘે છે? સ્વપ્ન બરાબર જોવા માટે.

(૩) ડૉ. બે દવા મીલાવી પીવા કહેલ. ભૂલથી દર્દીએ અલગ અલગ પીધી, ને યાદ આવતા પછી ઉછળવા-કુદવા લાગ્યો. બાપા પૂછતાં કહે-દવા મિલાવું છું.

(૪) હૉસ્પીતાલ જાને કા રાસ્તા કૌન સા હૈ? ૪૦ કીલો મોટર કે નીચે કૂદ જાવ, સીધા પહોંચ જાવેગા.

(૫) બેટા કુત્તે કી પુંછ મત ખીંચો, કાટેગા. નહિ મા! પુંછ મેં દાત નહિ હૈ.

(૬) ગાર્ડે રોકયો કે ચાલતી ગાડીએ ન ચડાય. પછી દોડતા ગાર્ડને તેણે પકડી રાખ્યો કે-કાયદો નથી, નહિ ચડાય!

(૭) નાક ઉપરથી માખીઓ ન ઉડતાં ચપ્પુ મારતા નાક કપાઈ ગયું. ખુશ થઈ કહે એનો અહીં જ ઉડાવી દીધો!

(૮) રેલ્વેમાં એક ભિખારી ગીત ગાય. કોઈએ તાનસેન કહી મશ્કરી કરી. એકે પાંચ રૂ. નું પરચુરણ કાઢીને કહ્યું: તારે જોઇએ તેટલા લે. તેને પાંચ નયા પૈસા લીધા. કેમ પાંચ જ લીધાં. ભિખારી કહે: "બાબુ સાબ! હમ ભીખ માંગતે હૈ લૂંટતે નહિ."

(૯) ભોળી સ્નેહાળ પત્નિએ પતિનું સ્વપ્ન સુણી કહ્યું: પ્રભુ મને રંડાપો આપે પણ તમને નહિ.

[—રાજેન્દ્ર વ્યાખ્યાનાદિ સંગ્રહમાંથી સાભાર]

# ધર્મ અને મોક્ષ

અધ્યાત્મિક ઉન્નતિનું સાધન દાન-શીલ-તપ-ભાવના-વાળો ધર્મમાર્ગ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર-વાળો મોક્ષમાર્ગ ગણાય કહ્યું છે કે:- સુપાત્રને દાન આપવું, નિર્મળ ચારિત્ર રાખવું, વિવિધ પ્રકારનાં તપો કરવા અને ઉત્તમ ભાવના રાખવી. એ ચારે પ્રકારમાં ધર્મ ભવસાગરને પાર કરવા માટે સુંદર વહાણ છે.

દાન વિષે કહ્યું છે કે:- "વ્યવસાયનું ફળ વૈભવ છે અને વૈભવનું ફળ સુપાત્ર વિનિયોગ છે. એટલે કે સુપાત્રને દાન કરવું એ છે. જો એમ કરવામાં ન આવે તો એ વ્યવસાય અને એ વૈભવ દુર્ગતિનું નિમિત્ત બને છે."

દીધેલાં અને ભોગવેલાં વચ્ચે મોટું અંતર જણાય છે જે દેવામાં આવે છે તેના વડે શ્રેયની ઉત્પત્તિ થાય છે, જ્યારે ભોગવેલા-ભક્ષણ કરેલાની વિષ્ઠા બની જાય છે.

શીલ વિષે કહ્યું છે કે:-"ખરેખર મનુષ્યોનું શીલ કુલની ઉન્નતિ કરનારૂં પરમ ભૂષણરૂપ અને ન ચાહ્યું જાય તેવું ઉત્તમ ધન છે. વળી પવિત્ર શીલ સુગતિને લાવનારૂં, દુર્ગતિને દલનારૂં અને પાવન યશરૂપ છે. તેમજ શીલ એ શાંતિનો પરમ હેતુ છે. તેથી શીલ એ જ આ જગત્માં સાચું કલ્પદ્રુમ છે."

તપ વિષે કહ્યું છે કે–"જેમ કોઈ મોટા તળાવમાં પાણી આવવાના માર્ગ રૂંધવામાં આવે અને પછી તેને ઉલેચવામાં કે તપાવવામાં આવે તો તે તળાવનું પાણી ક્રમે ક્રમે શોષાઈ જાય છે, તેમ સંયત પુરુષ નવા પાપકર્મો કરતાં અટકે અને તપનો આશ્રય લે, તો તેના ક્રોડો ભવના સંચિત થયેલાં કર્મો પણ ખરી પડે છે."

ભાવ વિષે કહ્યું છે કે–જો વૈદ્ય રોગ પારખવામાં કે ઔષધ આપવામાં અક્કલનો ઉપયોગ કરતો નથી, જે પંડિત પોતાના વિચારમાં અને આચારમાં વિદ્વત્તાનાં કાંઈ લક્ષણો બતાવતો નથી અને જે ધર્મ ભાવથી રહીત હોય છે, તે ત્રણે ખરેખર! હાંસીને પાત્ર થાય છે.

"દાન, શીલ, તપ અને સંપત્તિ ભાવ વડે જ ફલને ધારણ કરે છે. રસોઈમાં મીઠું ન હોય તો સ્વાદ ક્યાંથી ઉત્પન્ન થાય? અર્થાત્ જે સ્થાન રસવતીમાં મીઠાનું છે, તે જ સ્થાન, દાન, શીલ અને તપમાં ભાવનું છે."

[ –સફળતાની સીડીમાંથી સાભાર ]

# જ્યોતિષ

(૧) ચંદ્રથી ગુરુ કેન્દ્રમાં કે યુતિમાં હોય તો ગજકેશરી-યોગ થાય છે.

(૨) કેન્દ્રનો માલિક શનિ હોય ને કેન્દ્રમાં સ્વગ્રહી કે ઉચ્ચનો થઈને પડે તો શશીયોગ પેદા કરે. તે જાતક રાજ-કારણમાં પાવરફુલ હોય છે.

(૩) કેન્દ્રનો માલિક મંગળ હોય ને કેન્દ્રમાં સ્વગ્રહી કે ઉચ્ચનો થઈને પડે તો રૂચકયોગ થાય છે.

(૪) કેન્દ્રનો માલિક શુક્ર હોય ને કેન્દ્રમાં સ્વગ્રહી કે ઉચ્ચનો થઈ પડે તો હંસયોગ થાય છે.

(૫) ગુરૂની દૃષ્ટિમાં શનિ હોય તો જીવશીવયોગ થાય તે જાતક પવિત્ર જીવન ગાળનાર હોય છે.

(૬) શનિની દૃષ્ટિમાં ગુરૂ હોય તો તે માણસ વિપત્તિ પછી મહાન આધ્યાત્મિક વેત્તા થાય.

(૭) ભાગ્યેશ-કર્મેશના પરિવર્તન યોગથી રાજયોગ થાય છે.

(૮) અષ્ટમેશ-વ્યયેના પરિવર્તન યોગથી આયુષ્ય વૃદ્ધિ યોગ થાય છે.

(૯) અષ્ટમેશની મહાદશામાં છઠ્ઠેશની અંતર દશા ચાલુ હોય ત્યારે ઓપરેશન કે અકસ્માત યોગ ઉભા થાય છે.

(૧૦) એકલો ચંદ્ર આગળ કે પાછળના ઘરમાં કોઈ ગ્રહ ન હોય તો (કામેન્દ્રુમ) અનહાની યોગ પેદા કરે છે.

---

સ્યાદ્વાદ મુદ્રણાલય, વલ્લભવિહાર પાછળ-પાલિતાણા [સૌ.]